सत्यमेव जयते

| સેશન્સ કેસ નંબર | રજૂ તારીખ | નોંધ્યા તારીખ | ફેંસલ તારીખ | અવધિ | | | આંક |
|---|---|---|---|---|---|---|---|
| | | | | વર્ષ | માસ | દિવસ | |
| ૪૭૯/૨૦૨૨ (મુખ્ય) | ૨૨/૦૬/૨૦૨૨ | ૨૨/૦૬/૨૦૨૨ | ૧૧/૦૮/૨૦૨૬ | ૦૪ | ૦૧ | ૨૦ | |
| ૫૬૮/૨૦૨૨ (પૂરવણી) | ૦૧/૦૮/૨૦૨૨ | ૦૧/૦૮/૨૦૨૨ | ૧૧/૦૮/૨૦૨૬ | ૦૪ | ૦૦ | ૧૦ | |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A અન્વયેના નોટિફિકેશન નં.સી-૨૦૦૧-૯૩, તારીખ ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પફોર્મા મુજબ.**

**સેશન્સ કેસ નંબર-૪૭૯/૨૦૨૨(મુખ્ય).**

**ફોર્મ- "એ"**

**મે. સુરતના અધિક સત્ર ન્યાયાધીશ (વિનોદ વી. પરમાર) શ્રીની કોર્ટ સમક્ષ, સુરત.**

**ચુકાદા તારીખઃ ૧૧/૦૮/૨૦૨૬**

**સેશન્સ કેસ નંબર-૪૭૯/૨૦૨૨ (મુખ્ય).**

[જહાંગીરપુરા પોલીસ સ્ટેશન પાર્ટ-"એ" ગુના રજિ. નં.૧૧૨૧૦૦૦૭૨૨૦૦૭૩/૨૦૨૨]

| | | |
|---|---|---|
| **ફરિયાદી.** | | **શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત).** ફરિયાદી-અર્ચનાબેન તે નિપુણ રાકેશભાઈ રાજપુતની પત્ની. |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડિશ્નલ પબ્લિક | | **શ્રી એમ.કે.બ્રહ્મભટ્ટ.** |

| | | |
|---|---|---|
| પ્રોસીક્યૂટર. | | |
| **આરોપી** | **૧.** | **ગણેશ ઉર્ફે ગણીયો રવિન્દ્ર વાઘ, (એબેટ)**<br>ઉં.૨૨ વર્ષ, ધંધોઃ બેકાર,<br>રહેવાસીઃ બિલ્ડિંગ નં.૪૮, રૂમ નં.૨૨, ભીમનગર, ઉધના, સુરત.<br>રહેવાસીઃ મકાન નં.૧૨, શેરી નં.૩, ગાંધી કુટિર, વિકાશભાઈના મકાનમાં, ઉધના–મગદલ્લા રોડ, ખટોદરા, સુરત.<br>મૂળ રહેવાસીઃ વિસરવાડીગા, તા.જિ.નંદુરબાર, (મહારાષ્ટ્ર).<br>**(નોંધઃ– આરોપી નં.૧ તા.૦૮/૦૨/૨૦૨૫ ના રોજ મરણ ગયેલ છે, જેથી તેઓની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે)** |
| | **૨.** | **વિજયભાઈ ડાહ્યાભાઈ કાંગરીવાળા (રાણા),**<br>ઉ.આ. ૪૬ વર્ષ, ધંધોઃ જરીકામ,<br>રહેવાસી–મકાન નં.૧૨૯, રામદેવનગર સોસાયટી, સિદ્ધિ વિનાયક મંદિરની સામે, ભાઠેના, ઉધના, સુરત. |
| આરોપીઓ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | | **શ્રી પી.ટી.રાણા.** |

**સેશન્સ કેસ નંબર–૫૬૮/૨૦૨૨ (પૂરવણી).**

**ફોર્મ– "એ"**

**મે. સુરતના અધિક સત્ર ન્યાયાધીશ (વિનોદ વી. પરમાર) શ્રીની કોર્ટ સમક્ષ, સુરત.**

**ચુકાદા તારીખઃ ૧૧/૦૮/૨૦૨૬**

**સેશન્સ કેસ નંબર–૫૬૮/૨૦૨૨ (પૂરવણી).**

[જહાંગીરપુરા પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજિ. નં.૧૧૨૧૦૦૦૭૨૨૦૦૭૩/૨૦૨૨]

| | | |
|---|---|---|
| **ફરિયાદી.** | | **શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત).**<br>ફરિયાદી–અર્ચનાબેન તે નિપુણ રાકેશભાઈ રાજપુતની પત્ની |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટર. | | **શ્રી એમ.કે.બ્રહ્મભટ્ટ.** |
| આરોપી | ૩. | **અક્ષય સુરેશભાઈ શિંદે,**<br>ઉં.૨૨ વર્ષ, ધંધોઃ બેકાર,<br>રહેવાસીઃ મકાન નં.૬૦,<br>વૃંદાવન સોસાયટી, તુંડી ગામ, તા.પલસાણા, જિ.સુરત;<br>મૂળ રહેવાસીઃ ગામ બાબુર્દે, તા.શિંદખેડા, જિ.ધુલીયા, |

| | | |
|---|---|---|
| | | (મહારાષ્ટ્ર). |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | | **શ્રી એમ.ડી.બચ્છાવ.** |

## ફોર્મ– "બી"

| **વર્ણન** | **સેશન્સ કેસ નંબર ૪૪૯/૨૦૨૨ (મુખ્ય)** | **સેશન્સ કેસ નંબર ૫૬૮/૨૦૨૨ (પૂરવણી)** |
|---|---|---|
| ગુનાની તારીખ | ૦૩/૦૨/૨૦૨૨ | ૦૩/૦૨/૨૦૨૨ |
| એફ.આઈ.આર.ની તારીખ | ૦૭/૦૨/૨૦૨૨ | ૦૭/૦૨/૨૦૨૨ |
| ચાર્જશીટની તારીખ | ૧૭/૦૩/૨૦૨૨ | ૦૨/૦૬/૨૦૨૨ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૦૮/૦૯/૨૦૨૩ | ૦૮/૦૯/૨૦૨૩ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૫/૦૨/૨૦૨૪ | ૦૫/૦૨/૨૦૨૪ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૧૦/૦૮/૨૦૨૬ | ૧૦/૦૮/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૧/૦૮/૨૦૨૬ | ૧૧/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | ૧૧/૦૮/૨૦૨૬ | ૧૧/૦૮/૨૦૨૬ |

## આરોપીઓની વિગત

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટ્યાની તારીખ | ગુનાનો આરોપ મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ–૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગણેશ ઉર્ફે ગણીયો રવિન્દ્ર વાઘ (એબેટ) | ૦૩/૦૩/૨૨ | ૨૯/૦૮/૨૨ | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ (એ)૩, ૧૧૪ મુજબ. | એબેટ | – | ૦૦ વર્ષ ૦૫ માસ ૨૬ દિવસ |
| ૨ | વિજયભાઈ ડાહ્યાભાઈ કાંગરીવાળા (રાણા) | ૦૩/૦૩/૨૨ | ૨૪/૦૫/૨૨ | | દોષિત | ના | ૦૦ વર્ષ ૦૨ માસ ૨૧દિવસ |
| ૩ | અક્ષય સુરેશભાઈ શિંદે | ૨૯/૦૪/૨૨ | ૦૬/૦૯/૨૨ | | દોષિત | ના | ૦૦ વર્ષ ૦૪ માસ ૦૮ દિવસ (અન્ય ગુનાના કામે જ્યુડિ. કસ્ટડીમાં છે.) |

## <u>ફોર્મ–સી</u>

## (એ) <u>ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા</u>

| સાહેદ નંબર | આંક | સાહેદનું નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૧ | હિરેન કરશનભાઈ બરોડીયા | ગુનાવાળી જગ્યાનું પંચનામું (આંક–૧૨) ના પંચ સાહેદ |
| ૨ | ૧૪ | અર્ચનાબેન નિપુણભાઈ રાજપુત | ફરિયાદી |
| ૩ | ૨૮ | વસીમ આદમ શેખ | મુદ્દામાલ રીકવરીનું |

| | | | |
|---|---|---|---|
| | | | પંચનામું (આંક–૨૯) ના પંચ સાહેદ |
| ૪ | ૩૨ | સફીક લતીફ શેખ | ગુનાના કામે મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું (આંક–૩૩) ના પંચ સાહેદ **(વિમુખ)** |
| ૫ | ૩૬ | દર્શનકુમાર રમેશચંદ્ર દલવાડી | સાહેદ |
| ૬ | ૩૬ | PI કીરીટકુમાર અશોકભાઈ સાવલીયા | બાતમી આધારે આરોપીઓની અટક કરનાર પોલીસ સાહેદ |
| ૭ | ૪૧ | ASI ધીરજભાઈ જેરામભાઈ પટેલ | ફરિયાદીની ફરિયાદ લેનાર/સ્ટેશન ડાયરીમાં નોંધ કરનાર પોલીસ સાહેદ |
| ૮ | ૪૪ | અ.હે.કો. અસગરઅલી અનવરઅલી મન્સુરી | બાતમી આધારે આરોપીઓની અટક કરનાર પોલીસ સાહેદ |
| ૯ | ૪૮ | મોહંમદ ઝુબેર મોહંમદ હનીફ ચોકસી | સોના–ચાંદીના દાગીનાનું વેચાણ કરવાનું તથા રીપેરીંગ કરવાનું કામ કરનાર સાહેદ **(વિમુખ)** |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ૫૫ | PSI નરેશભાઈ બાલુભાઈ ચૌહાણ | આરોપી–અક્ષય સુરેશ શિંદેને બાતમી આધારે પકડનાર પોલીસ સાહેદ |
| ૧૧ | ૫૬ | PSI પ્રવિણસિંહ નારસિંહ પઢીયાર | આરોપી–અક્ષય સુરેશ શિંદેને બાતમી આધારે પકડનાર પોલીસ સાહેદ |
| ૧૨ | ૫૮ | અ.હે.કો. યશપાલસિંહ મુળુભા રાઠોડ | ત.ક.અમલદાર |
| ૧૩ | ૫૯ | PSI રશ્મીતાબા વિજયસિંહ ચુડાસમા | ત.ક.અમલદાર/ ચાર્જશીટ કરનાર પોલીસ સાહેદ |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી.

## (એ) <u>ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા</u>

| **અનુક્રમ નંબર** | **આંક/ સાહેદ નંબર** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૨/૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| ૨ | ૧૫/૨ | ગુનાની ફરિયાદ. |
| ૩ | ૧૬/૨ | ફરિયાદીની સોનાની ચેઈન ખરીદીના બિલની ઝેરોક્ષ |

| | | |
|---|---|---|
| | | નકલ. |
| ૪ | ૨૯/૩ | મુદ્દામાલ રીકવરીનું પંચનામું. |
| ૫ | ૩૩/૪ | ગુનાના કામે મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું. |
| ૬ | ૪૦/૬ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા બાબતેનો રિપોર્ટ. |
| ૭ | ૪૨/૭ | સ્ટેશન ડાયરીના ઉતારાની ઝેરોક્ષ પ્રમાણિત ખરી નકલ. |
| ૯ | ૪૯/૯ | દાગીનાની ખરાઈ બાબતે આપેલ પ્રમાણપત્ર. |
| ૧૦ | ૬૦/૧૩ | આરોપીનું અટક પંચનામું. |
| ૧૧ | ૬૧/૧૩ | ટેલિફોન વર્ધીનો ઉતારો. |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ નથી.

## <u>મુદ્દામાલ પાવતીની વિગત</u>

| **અનુક્રમ નંબર** | **આર્ટિકલ નંબર** | **મુદ્દામાલની વિગત** |
|---|---|---|
| ૧. | ૧ | એક સોનાની ચેઈન વજન ૭.૫૨૦ ગ્રામ જે ૨૨ કેરેટની છે તે. |

**ગુનોઃ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબનો.**

**–// ચૂકાદો //–**

**(૧)** આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આક્ષેપ છે.

**(૧.૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીએ સદર ગુનાની ફરિયાદ તારીખ ૦૭/૦૨/૨૦૨૨ ના રોજ આપેલ છે. આ કામના ફરિયાદી ફરિયાદમાં જણાવેલ સરનામે તેમના કુટુંબ–પરિવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે અને તેમના પતિ મારવાડ યુનિવર્સિટી પ્લેસમેન્ટ ડિપાર્ટમેન્ટમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તા.૦૩/૦૨/૨૦૨૨ ના રોજ તેઓ તેમના ઘરે હાજર હતા અને સાંજના પોણા ચારેક વાગ્યે તેમની એક્ટીવા મોપેડ જેનો રજિ. નં.જીજે–૨૭ બીજી–૫૧૩૩ ની લઈને તેમના દીકરા પંથ (ઉંમર ૦૪ વર્ષ) ને શ્યામ એન્કલેવમાં ટ્યુશનમાં મૂકવા માટે નીકળેલ અને તેમના દીકરાને ટ્યુશનમાં મૂકી ઘરે પરત આવતા હતા તે વખતે સાંજના આશરે ચાર થી સાડા ચાર વાગ્યા દરમ્યાન જહાંગીરપુરા કેનાલ રોડ, ગ્રીનઓરીયન રેસીડેન્સીના ગેટ પાસે રોડ ઉપર પહોંચેલ ત્યારે અચાનક એક લાલ કલરની મો.સા. ઉપર આવેલ અજાણ્યા બે ઈસમોએ તેમની એક્ટીવા મોપેડની આગળ પોતાની મોટર સાઈકલ દબાવતા તેમણે તેમની એક્ટીવા મોપેડ ધીમી પાડેલ તે વખતે એક ઈસમ મો.સા. ચલાવતો હતો અને પાછળ બેસેલ ઈસમે તેમના ગળામાં પહેરેલ સોનાની ચેઈન ખેંચતા તેમની ચેઈન તૂટી ગયેલ અને તેમાં રહેલ પેંડલ નીચે પડી ગયેલ અને નીચે પડી ગયેલ તેમનું પેન્ડલ તેમણે પરત લઈ લીધેલ અને તેમની ચેઈન મો.સા. ઉપર આવેલ બે અજાણ્યા ઈસમો જેમાંથી પાછળ બેસેલ ઈસમે તેમના

ગળામાંથી આંચકી અને આગળ બેસેલ ઈસમે પોતાની મો.સા ચલાવી એકબીજાની મદદગારી કરી નાસી ગયેલ અને આ લાલ કલરની મો.સા. પર આવેલા બે અજાણ્યા ઈસમોના ચહેરા તથા વર્ણન અને મોટર સાઈકલની નંબર પ્લેટ તેઓ ગભરાઈ જતાં જોઈ શકેલ નહીં અને આ લાલ કલરની મો.સા. ઉપર બેસીને આવેલ બે અજાણ્યા ઈસમોએ તેમની સોનાની ચેઈન આશરે ૭.૭૪૨ ગ્રામની જેની આશરે કિંમત રૂા.૨૪,૪૨૯/– ની મત્તાની તેમના ગળામાંથી આંચકી, એકબીજાની મદદ કરી નાસી ગયેલ હોય, તેમની ચેઈનનું બિલ મળી આવતાં તેઓ તેમના પતિ સાથે પોલીસ સ્ટેશન ખાતે આવી સદર બનાવ સંબંધે આરોપીઓ વિરુદ્ધ હાલની ફરિયાદ કરેલ છે.

આમ, તા.૦૩/૦૨/૨૦૨૨ ના રોજ કલાક ૧૬–૦૦ થી કલાક ૧૬–૩૦ વાગ્યા દરમ્યાન આ કામના ફરિયાદી નામે અર્ચનાબેન તે નિપુણ રાકેશભાઈ રાજપુતની પત્ની નાઓ પોતાના દીકરા પંથ (ઉંમર ૦૪ વર્ષ) ને શ્યામ એન્કલેવમાં ટ્યુશનમાં મૂકવા ગયેલ અને મૂકીને પોતાની એક્ટીવા મોપેડ જેનો રજિ.નં.જીજે–૨૭ બી જી–૫૧૩૩ ની લઈ સાંજના આશરે ચાર થી સાડા ચાર વાગ્યા દરમ્યાન જહાંગીરપુરા કેનાલ રોડ, ગ્રીન ઓરીયન રેસીડેન્સીના ગેટ પાસે રોડ ઉપર આવતા અચાનક એક લાલ કલરની મો.સા. ઉપર આવેલ અજાણ્યા બે ઈસમોએ ફરિયાદીની એક્ટીવા મોપેડની આગળ મો.સા. દબાવતા ફરિયાદીએ મોપેડ ધીમી પાડેલ તે વખતે એક ઈસમ મો.સા. ચલાવતો હતો અને પાછળ બેસેલ ઈસમે ફરિયાદીના ગળામાં પહેરેલ સોનાની ચેઈન આશરે ૭.૭૪૨ ગ્રામની જેની આશરે કિંમત રૂા.૨૪,૪૨૯/– ની મત્તાની આંચકી લઈ, એકબીજાની

મદદગારી કરી, નાસી જઇ, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના કરેલા છે. જે ગુના બાબતે ફરિયાદીએ ફરિયાદ આપતા જહાંગીરપુરા પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજિ. નં.૧૧૨૧૦૦૦૭૨૨૦૦૭૩/૨૦૨૨ થી ગુનો નોંધવામાં આવેલ.

**(૧.૨)** આરોપીઓ વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં, તપાસ એજન્સી દ્વારા જરૂરી અને યોગ્ય તપાસ કરી, આરોપી–ગણેશ ઉર્ફે ગણીયો રવિન્દ્ર વાઘ અને આરોપી–વિજયભાઈ ડાહ્યાભાઈ કાંગરીવાળા (રાણા) નાઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરાવો મળી આવતો હોય, આરોપીઓ વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગે સુરતના વિ. છઠ્ઠા એડિશનલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ ખાતે ચાર્જશીટ રજૂ કરેલ. જે ફોજદારી કેસ નંબર–૧૮૦૭૪/૨૦૨૨ થી રજિસ્ટરે લીધા બાદ આરોપીઓને તેમની વિરુદ્ધના કેસ કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ; ત્યાર બાદ આરોપીઓએ પોતાના સ્વખર્ચે વકીલ રોકી પોતાનો કાનૂની બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરેલ. આરોપીઓ વિરુદ્ધના આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફક્ત સત્ર ન્યાયાલયને હોઈ, સુરતના વિ.બીજા એડિશનલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટે આરોપીઓ સામેનો કેસ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે તારીખઃ ૧૦/૦૬/૨૦૨૨ ના રોજ સેશન્સ કમિટ કરતાં, તે અત્રેની અદાલતમાં **સેશન્સ કેસ નં.૪૪૯/૨૦૨૨ (મુખ્ય)** થી નોંધવામાં આવેલ અને

ત્યાર બાદ મે. મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ સાહેબ, સુરતના હુકમ અન્વયે આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા અત્રેની અદાલતમાં તબદિલ કરવામાં આવેલ છે. ત્યારબાદ નાસતા ફરતા આરોપી–અક્ષય સુરેશભાઈ શિંદે મળી આવતાં સદર આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગે સુરતના વિ. બીજા એડિશનલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ ખાતે પૂરવણી ચાર્જશીટ રજૂ કરેલ. જે ફોજદારી કેસ નંબર–૪૫૬૬૨/૨૦૨૨ થી રજિસ્ટરે લીધા બાદ આરોપીને તેમની વિરુદ્ધના કેસ કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ; ત્યારબાદ આરોપીએ પોતાના સ્વખર્ચે વકીલ રોકી પોતાનો કાનૂની બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરેલ. આરોપી વિરુદ્ધના આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફક્ત સત્ર ન્યાયાલયને હોઈ, સુરતના વિ. બીજા એડિશનલ સિવિલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટે આરોપી સામેનો કેસ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે તારીખઃ ૨૫/૦૭/૨૦૨૨ ના રોજ સેશન્સ કમિટ કરતાં, તે અત્રેની અદાલતમાં **સેશન્સ કેસ નં.૫૬૮/૨૦૨૨(પૂરવણી)** થી નોંધવામાં આવેલ અને ત્યારબાદ મે. મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ સાહેબ, સુરતના હુકમ અન્વયે આ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા અત્રેની અદાલતમાં તબદિલ કરવામાં આવેલ છે.

**(૧.૩)** સદરહુ કામે સેશન્સ કેસ નં.૪૪૯/૨૦૨૨ મુખ્ય ચાર્જશીટ હોય તેમજ પૂરવણી ચાર્જશીટ સેશન્સ કેસ નં.૫૬૮/૨૦૨૨ એ બંને કેસો એક જ એફ.આઈ.આર.માંથી ઉદ્ભવેલા છે, જેથી પૂરવણી ચાર્જશીટ

સેશન્સ કેસ નં.૫૬૮/૨૦૨૨ ને મુખ્ય ચાર્જશીટની સાથે ચલાવવા વિ.એ.પી.પી.શ્રી તથા બચાવ પક્ષના વિ.વ.શ્રીઓની નામદાર કોર્ટમાં મૌખિક રજૂઆત ધ્યાનમાં લઈ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ તા.૨૧/૧૨/૨૦૨૩ ના રોજ હુકમ કરતાં સદર બંને કેસોનો પુરાવો એક સાથે લેવામાં આવેલ છે અને આ કેસોનો પુરાવો મુખ્ય સેશન્સ કેસ નં.૪૪૯/૨૦૨૨ માં નોંધવામાં આવેલ છે.

**(૨)** સદરહુ કામે સેશન્સ કેસ નં.૪૪૯/૨૦૨૨ (મુખ્ય) ના કામે આરોપી નં.૧ અને ૨ વિરુદ્ધ તત્કાલિન વિ.૦૬[ઠ્ઠા] એડિશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ દ્વારા તા.૦૮/૦૯/૨૦૨૩ ના રોજ આંક–૫ થી **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪** મુજબના આક્ષેપિત ગુના સંબંધેનું નીચે મુજબનું તહોમતનામું ફરમાવવામાં આવેલું.

"તા.૦૩/૦૨/૨૦૨૨ ના રોજ કલાક ૧૬–૦૦ થી કલાક ૧૬–૩૦ વાગ્યા દરમ્યાન આ કામના ફરિયાદી નામે અર્ચનાબેન તે નિપુણ રાકેશભાઈ રાજપુતની પત્ની નાઓ તેમના દીકરા પંથ (ઉંમર ૦૪ વર્ષ) ને શ્યામ એન્કલેવમાં ટ્યુશનમાં મૂકવા ગયેલ અને મૂકીને પોતાની એક્ટીવા મોપેડ જેનો રજિ.નં.જીજે–૨૭ બી જી–૫૧૩૩ ની લઈ સાંજના આશરે ચાર થી સાડા ચાર વાગ્યા દરમ્યાન જહાંગીરપુરા કેનાલ રોડ, ગ્રીન ઓરીયન રેસીડેન્સીના ગેટ પાસે રોડ ઉપર આવતા અચાનક એક લાલ કલરની મો.સા. ઉપર આવેલા અજાણ્યા બે ઈસમોએ ફરિયાદીની એક્ટીવા મોપેડની આગળ મોટર સાઈકલ દબાવતા ફરિયાદીએ મોપેડ ધીમી પાડેલ તે વખતે એક ઈસમ મોટર સાઈકલ ચલાવતો હતો અને પાછળ બેસેલ ઈસમે ફરિયાદીના ગળામાં પહેરેલ સોનાની ચેઈન આશરે ૭.૭૪૨ ગ્રામની જેની આશરે કિંમત રૂા.૨૪,૪૨૯/– ની મત્તાની આંચકી લઇ, એકબીજાની મદદગારી

કરી, નાસી જઇ, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે."

તત્કાલિન વિ.૦૬ઠ્ઠા એડિશ્નલ સેશન્સ જજ શ્રીની કોર્ટે ઉપરોકત વિગતેનું તહોમતનામું આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવી ફરમાવતા આરોપીઓ દ્ધારા સદરહુ ગુનો કબૂલ કરવાનો ઈન્કાર કરવામાં આવેલ છે. આરોપીઓને પોતાના બચાવ માટે સ્વખર્ચે વકીલ રોકવા છે કે સરકારી ખર્ચે વકીલ રોકવા માંગે છે તે અંગે પૃચ્છા કર્યા બાદ આરોપીઓ દ્ધારા ખાનગી વકીલશ્રી રોકેલાનું જણાવતા તેમની અનુક્રમે આંક–૬ અને ૭ થી પ્લી રેકર્ડ કરેલ. જેથી તેઓની સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ કામે સેશન્સ કેસ નં.૫૬૮/૨૦૨૨ (પૂરવણી) ના કામે આરોપી–અક્ષય સુરેશભાઈ શિંદે વિરુદ્ધ તત્કાલિન વિ.૦૬ઠ્ઠા એડિશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ દ્ધારા તા.૦૮/૦૯/૨૦૨૩ ના રોજ આંક–૬ થી **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪** મુજબના આક્ષેપિત ગુના સંબંધેનું નીચે મુજબનું તહોમતનામું ફરમાવવામાં આવેલું.

"તા.૦૩/૦૨/૨૦૨૨ ના રોજ કલાક ૧૬–૦૦ થી કલાક ૧૬–૩૦ વાગ્યા દરમ્યાન આ કામના ફરિયાદી નામે અર્ચનાબેન તે નિપુણ રાકેશભાઈ રાજપુતની પત્ની નાઓ તેમના દીકરા પંથ (ઉંમર ૦૪

વર્ષ) ને શ્યામ એન્કલેવમાં ટ્યુશનમાં મૂકવા ગયેલ અને મૂકીને પોતાની એક્ટીવા મોપેડ જેનો રજિ.નં.જીજે–૨૭ બી જી–૫૧૩૩ ની લઈ સાંજના આશરે ચાર થી સાડા ચાર વાગ્યા દરમ્યાન જહાંગીરપુરા કેનાલ રોડ, ગ્રીન ઓરીયન રેસીડેન્સીના ગેટ પાસે રોડ ઉપર આવતા અચાનક એક લાલ કલરની મો.સા. ઉપર આવેલા અજાણ્યા બે ઈસમોએ ફરિયાદીની એક્ટીવા મોપેડની આગળ મોટર સાઈકલ દબાવતા ફરિયાદીએ મોપેડ ધીમી પાડેલ તે વખતે એક ઈસમ મોટર સાઈકલ ચલાવતો હતો અને પાછળ બેસેલ ઈસમે ફરિયાદીના ગળામાં પહેરેલ સોનાની ચેઈન આશરે ૭.૭૪૨ ગ્રામની જેની આશરે કિંમત રૂા.૨૪,૪૨૯/– ની મત્તાની આંચકી લઇ, એકબીજાની મદદગારી કરી, નાસી જઇ, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે.”

તત્કાલિન વિ.૦૬[ઠ્ઠા] એડિશ્નલ સેશન્સ જજ શ્રીની કોર્ટે ઉપરોકત વિગતેનું તહોમતનામું આરોપીને વાંચી, સંભળાવી, સમજાવી ફરમાવતા આરોપી દ્વારા સદરહુ ગુનો કબૂલ કરવાનો ઈન્કાર કરવામાં આવેલ છે. આરોપીને પોતાના બચાવ માટે સ્વખર્ચે વકીલ રોકવા છે કે સરકારી ખર્ચે વકીલ રોકવા માંગે છે તે અંગે પૃચ્છા કર્યા બાદ આરોપી દ્વારા ખાનગી વકીલશ્રી રોકેલાનું જણાવતા તેમની આંક–૭ થી પ્લી રેકર્ડ કરેલ. જેથી તેઓની સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

**(૨.૧)** આ કેસના આરોપી–ગણેશ ઉર્ફે ગણીયો રવિન્દ્ર વાઘનાઓ ગુજરી ગયેલા હોય તેવી વિ.એ.પી.પી.શ્રી દ્વારા **આંક–૪૬** થી પુરસીસ રજૂ કરેલ અને તેની સાથે આરોપી ગુજરી ગયેલા હોય તે અંગેના મરણના

પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ હોય, જે ધ્યાને લઈ, તા.૨૦/૦૮/૨૦૨૫ ના રોજ આરોપી–ગણેશ ઉર્ફે ગણીયો રવિન્દ્ર વાઘ નાઓ વિરુદ્ધનો કેસ એબેટ કરતો આંક–૧ લગત હુકમ કરેલો છે.

(૩) ત્યારબાદ ફરિયાદપક્ષ તરફેના ઉપરોકત ફોર્મ–"સી" મુજબના સાક્ષીઓનો મૌખિક પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે પુરાવો પૂરો થયાની **આંક–૬૨** થી પુરસીસ રજૂ થતાં ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) આમ, ફરિયાદ પક્ષનો લેખિત તેમજ મૌખિક પુરાવો પૂરો થતાં આરોપીઓની વિરુદ્ધ જે પુરાવો પડેલ છે તે અંગે આરોપીઓને બચાવ તથા ખુલાસાની યોગ્ય અને વ્યાજબી તક મળી રહે તે માટે **આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩** હેઠળ **વિશેષ નિવેદન** લેવામાં આવેલ છે, તેમાં આરોપીઓએ ફરિયાદ પક્ષના મૌખિક પુરાવાને નકારી કાઢેલ છે. આ કામના આરોપીઓને બચાવના સાહેદ તપાસવા છે અને સોગંદ ઉપર પુરાવો આપવો છે, તેવું પૂછતાં તેઓએ ઈન્કાર કરેલ છે અને વિશેષમાં **આરોપી–વિજયભાઈ ડાહ્યાભાઈ કાંગરીવાળા**એ જણાવેલ છે કે, “હમો આરોપી નિર્દોષ છીએ; હમોએ કહેવાતો કોઈ ગુનો આચરેલ નથી. ગુનો અનડીટેક્ટ રહી ન જાય જેથી ખોટી રીતે ડીટેક્ટ કરીને ચાર્જશીટ કરેલ છે.”

વિશેષમાં **આરોપી–અક્ષય સુરેશભાઈ શિંદે** એ જણાવેલ છે કે, “હાજી. અમો આરોપી તદ્દન નિર્દોષ છે. ખોટી રીતના ખોટા ગુનામાં

સંડોવી દીધેલ છે. અમોએ આવો કોઈ ગુનો કરેલ નથી. અમો વિરુદ્ધ ખોટી ચાર્જશીટ કરેલ છે. અમોને શંકાનો લાભ આપી, નિર્દોષ છોડી મૂકવા આપ સાહેબશ્રીને માનસર નમ્ર અરજ છે."

(૫) પુરાવાના અંતે **ફરિયાદ પક્ષ** તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રીનાઓએ મુખ્યત્વે પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)૩, ૧૧૪ મુજબના ગુનાના જે તહોમતનામાઓ ફરમાવવામાં આવેલ છે અને ફરિયાદ પક્ષ દ્ધારા તપાસવામાં આવેલ સાહેદોની જુબાની અને ફરિયાદપક્ષ દ્ધારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાના આધારે આરોપીઓ વિરુદ્ધનું તહોમત પુરવાર થાય છે. વધુમાં તેવી દલીલો કરેલી કે, આ કેસના ફરિયાદીએ હાલના આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે તેમજ આરોપી પાસેથી મુદ્દામાલ મળી આવેલ હોય તેનો આરોપી પક્ષે કોઈ ખુલાસો કરેલ નથી. આ સંજોગોમાં આરોપીઓ વિરુદ્ધ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(એ) મુજબ અનુમાન કરવા રજૂઆત કરેલ. ફરિયાદ પક્ષ દ્ધારા તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ તેમણે કરેલ તપાસ મુજબની જુબાની આપેલ છે. તપાસ કરનાર અધિકારીએ આરોપીઓ તથા મુદ્દામાલનો પંચનામાની રૂએ કબજો મેળવેલ અને આરોપીઓ વિરુદ્ધ પૂરતો પુરાવો મળી આવતાં ચાર્જશીટ કરેલ. ગુનાની તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાનીથી અને ફરિયાદ પક્ષે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાના આધારે ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુદ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરેલ છે. આ કેસમાં આરોપી પાસેથી જે મુદ્દામાલ

રીકવર થયેલ તે અંગેના રીકવરી પંચે પણ ફરિયાદ પક્ષના કેસને સંપૂર્ણ સમર્થન આપતો પુરાવો આપેલ છે. તેથી આરોપીઓને કાયદામાં નિયત કરેલ જોગવાઈઓ મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)૩, ૧૧૪ મુજબના ગુના અન્વયે સખતમાં સખત સજા કરવી જોઈએ.

(૬) જ્યારે બચાવ પક્ષના વિ.વ.શ્રીઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કેસમાં હાલના આરોપીઓના નામ ફરિયાદીએ જણાવેલા નથી અને અજાણ્યા શખ્શો તરીકે જણાવેલ છે. વધુમાં, આ કેસમાં પંચનો જે પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે, તે ધ્યાને લેતાં પંચના પુરાવામાં રેકર્ડ ઉપર અનેક પ્રકારના વિરોધાભાસો આવેલા છે અને પોલીસ અધિકારી તથા આ પંચનો પુરાવો સાથે વાંચતા બંને સાહેદોએ એકબીજાથી અલગ પ્રકારનો પુરાવો આપેલ છે. આ સંજોગોમાં આવા પુરાવાઓ ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં, ફરિયાદ પક્ષે આરોપીઓ વિરુદ્ધનો કેસ શંકાથી પર રહીને પુરવાર કરવો જોઈએ. જેમ કરવામાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ ગયેલા છે. તેઓએ વધુમાં તેવી રજૂઆત કરેલી કે, આ કેસમાં પંચનો પુરાવો ધ્યાને લેતાં તેમના પુરાવા મુજબ કૈલાશનગર પાસે કોઈ લખાણ થયેલ ન હતું તથા બે ડબ્બામાં મુદ્દામાલ સીલ કરવામાં આવેલ હોવાનો પુરાવો આપેલ છે. તે જ રીતે, સોનીનો પુરાવો ધ્યાને લેતાં તેઓ પોલીસ સ્ટેશનમાં ગયેલા હોય અને ત્યાં આક્ષેપિત મુદ્દામાલનું વજન કરેલ હોવાનું જણાવેલ છે. આ સંજોગોમાં આ સોનીનો પુરાવો પણ માનવાલાયક જણાતો નથી. વધુમાં, પોલીસ સાહેદોના પુરાવાને અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાનું પણ સમર્થન

પ્રાપ્ત થયેલ નથી. વધુમાં આ કેસમાં કોઈ સીસીટીવી ફૂટેજ રજૂ થયેલા નથી. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ દ્વારા આરોપીઓ વિરુદ્ધનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત કરેલી છે.

(૭) આ પ્રકરણમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ. વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ પ્રકરણના ન્યાયી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે:–

૧. શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે, તા.૦૩/૦૨/૨૦૨૨ ના રોજ કલાક ૧૬–૦૦ થી કલાક ૧૬–૩૦ વાગ્યા દરમ્યાન આ કામના ફરિયાદી નામે અર્ચનાબેન તે નિપુણ રાકેશભાઈ રાજપુતની પત્ની નાઓ પોતાના દીકરા પંથ (ઉંમર ૦૪ વર્ષ) ને શ્યામ એન્કલેવમાં ટ્યુશનમાં મૂકવા ગયેલ અને મૂકીને પોતાની એક્ટીવા મોપેડ જેનો રજિ.નં.જીજે–૨૭ બી જી–૫૧૩૩ ની લઈ સાંજના આશરે ચાર થી સાડા ચાર વાગ્યા દરમ્યાન જહાંગીરપુરા કેનાલ રોડ, ગ્રીન ઓરીયન રેસીડેન્સીના ગેટ પાસે રોડ ઉપર આવતા અચાનક એક લાલ કલરની મો.સા. ઉપર આવેલ અજાણ્યા બે ઈસમોએ ફરિયાદીની એક્ટીવા મોપેડની આગળ મો.સા. દબાવતા ફરિયાદીએ મોપેડ ધીમી પાડેલ તે વખતે એક ઈસમ મો.સા. ચલાવતો હતો અને પાછળ બેસેલ ઈસમે ફરિયાદીના ગળામાં પહેરેલ સોનાની ચેઈન આશરે ૭.૭૪૨ ગ્રામની જેની આશરે કિંમત રૂા.૨૪,૪૨૯/– ની મત્તાની આંચકી લઈ, એકબીજાની મદદગારી કરી, નાસી જઈ, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના કરેલા છે?

૨. શું હુકમ?

(૮) ઉપરોક્ત મુદ્દાઓની કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ તેના નિર્ણયો નીચે મુજબ છેઃ–

૧. હકારાત્મક.
૨. આખરી હુકમ મુજબ.

## –/ કા ર ણો /–

(૯) આ કામે ફરિયાદપક્ષ તરફથી આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવેલું છે. જેનો આરોપીઓ તરફે ઈન્કાર કરતાં સદર કેસ ફરિયાદપક્ષના પુરાવા પર રાખવામાં આવેલો. આ કામે ફરિયાદપક્ષનો પુરાવો તેમજ પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલા નીચે મુજબની કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લેવી જરૂરી હોય, જે નીચે મુજબ રજૂ કરવામાં આવે છે.

**379A.(3)**

Whoever commits snatching shall be punished with rigorous imprisonment for a term which shall not be less than seven years but which may extend to ten years, and with fine which may extend to twenty-five thousand rupees.

**107. Abetment of a thing.**

A person abets the doing of a thing, who -
First.—Instigates any person to do that thing; or

Secondly.—Engages with one or more other person or persons in any conspiracy for the doing of that thing, if an act or illegal omission takes place in pursuance of that conspiracy, and in order to the doing of that thing; or

Thirdly.—Intentionally aids, by any act or illegal omission, the

doing of that thing.

Explanation 1.—A person who, by wilful misrepresentation, or by wilful concealment of a material fact which he is bound to disclose, voluntarily causes or procures, or attempts to cause or procure, a thing to be done, is said to instigate the doing of that thing.

Explanation 2.—Whoever, either prior to or at the time of the commission of an act, does anything in order to facilitate the commission of that act, and thereby facilitates the commission thereof, is said to aid the doing of that act.

**114. Abettor present when offence is committed.**

Whenever any person, who is absent would be liable to be punished as an abettor, is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

**ફરિયાદ પક્ષના પુરાવોઃ–**

**મુદ્દા નં.૧:–**

**મુખ્ય સાહેદોનો પુરાવોઃ–**

**(૧૦)** ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૨ તરીકે ફરિયાદી–અર્ચનાબેન તે નિપુણ રાકેશભાઈ રાજપુતની પત્નીને આંક–૧૪ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૨૨ માં તેઓ ગ્રીન ઓરીયન એપા.કેનાલ રોડ જહાંગીરપુરા ખાતે રહેતા હતા. તે વખતે તેમના પતિ મારવાડી યુનિવર્સિટીના પ્લેસમેન્ટ ડીપા.માં સુરત ખાતે નોકરી કરતા હતા અને હાલ તેમની બદલી આજ યુનિવર્સિટીમાં અમદાવાદ ખાતે થયેલ હોય જેથી તેઓ અમદાવાદ મુકામે રહેવા માટે જતા રહેલ છે. બનાવ તા.૩/૨/૨૨ ના રોજ બનેલો. તેઓ તેમની એકટીવા જેનો રજી.નં.જીજે.૨૭–ડીજી.૫૧૩૩ લઈને તેમના દીકરા પંથને શ્યામ

એન્કલેવમાં ટ્યુશનમાં મૂકવા માટે નીકળેલા અને તેમના દીકરાને ટ્યુશનમાં મૂકી પરત ઘરે આવતી હતી તે વખતે ચાર વાગ્યા પછી ગ્રીન ઓરીયન રેસીડન્સીના ગેટ પાસે પહોંચેલ ત્યારે એક લાલ કલરની મો.સા. પર બે અજાણ્યા ઈસમો આવેલા અને તેઓએ પોતાની મો.સા. દબાવતા તેમણે તેમની એકટીવા ધીમી પાડેલ તે વખતે પાછળ બેસેલ ઈસમે તેમના ગળામાં પહેરેલ સોનાની ચેન ખેંચેલ અને ગાડી સ્પીડમાં ચલાવીને નીકળી ગયેલા અને તેમના ગળામાં પહેરેલ ચેનમાં રહેલ પેન્ડન્ટ નીચે પડી જતા જે પેન્ડન્ટ તેમણે પરત લઈ લીધેલું. તે સોનાની ચેન આશરે ૦૭ ગ્રામની વજનની હતી તેની કિંમત હાલ યાદ નથી. જે અંગેનું બિલ તનિષ્ક જવેલર્સનું પોલીસને આપેલું. બનાવ સંબંધેની તેમણે જહાંગીરપુરા પો.સ્ટે.માં ફરિયાદ આપેલી. જે આંક–૧૫ થી રજૂ અસલ ફરિયાદ જોઈને સદર સાહેદ તેમાં ફરિયાદી તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે. વધુમાં સદર સાહેદ આંક–૧૬ થી રજૂ તનિષ્ક જવેલર્સનું ઝેરોક્ષ બિલ જોઈને તે તેમની સોનાની ચેનનું બિલ અને સર્ટિ. હોવાનું, જેમાં કસ્ટમર નામમાં તેમના મામા સસરા નયનભાઈનું નામ લખેલ હોવાનું અને તે ફરિયાદ સમયે પોલીસમાં રજૂ કરેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવે છે. વધુમાં જણાવેલ છે કે, ફરિયાદ આપ્યા બાદ તેમને પોલીસને તે બનાવવાળી જગ્યા બતાવવા જવાનું થયેલું. તે જગ્યા તેઓએ જે દિવસે રિપોર્ટ આપેલો તે જ દિવસે બતાવવા જવાનું થયેલું. તે જગ્યા પર પોલીસે તમામ પૂછપરછ કરેલી. તે વખતે બે ભાઈ તે જગ્યા પર હાજર હતા. તે જગ્યાનું પોલીસે પંચનામું કરેલું. તેમની સોનાની ચેન જે ઝૂંટવી ગયેલા તે કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકે તેવું જણાવી જે પૈકી એક

મૂછવાળાભાઇ જેણે સફેદ શર્ટ પહેરેલ છે, સાહેદ તેને ઇશારો કરી ઓળખી બતાવે છે, ના.કોર્ટ રૂબરૂ તેનું નામ પૂછતા તે પોતાનું નામ ગણેશ રવિન્દ્ર વાઘ હોવાનું જણાવે છે, સાહેદ તેને ઓળખી બતાવે છે. બીજા આરોપીને જોયેથી ઓળખું છું, પરંતુ હાલ તે ના.કોર્ટમાં હાજર નથી. આરોપીના ચાર્જશીટમાં રજુ થયેલા ત્રણ ફોટા બતાવતા તેમાંથી એક ફોટો અક્ષય સુરેશ શીન્દેનો હોવાનું જણાવી ઓળખી બતાવે છે. આરોપી વિજય નાગરીવાલા કોર્ટ રૂબરૂ હાજર છે પરંતુ સાહેદ ઓળખી બતાવતા નથી. વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તેમની સોનાની ચેઈન પોલીસને મળતા પોલીસે તેમની ચેઈન ઓળખવા તેમને બોલાવેલ અને તે વખતે પોલીસે ચેન ઓળખવા બાબતેનું પંચનામું કરેલું.

સદર સાહેદની આરોપી નં.૧ અને ૨ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તા.૩/૨/૨૨ ના રોજ તેમને પો.સ્ટે.માં સાંજે આશરે છ વાગ્યાની આસપાસ જવાનું થયેલું. સવાલ– તાત્કાલિક જાણ પોલીસ સ્ટેશનમાં તમે ટેલિફોનથી કરેલી? જવાબ–મેં કરેલ નથી, પરંતુ મારી અડોશપડોશના વ્યકિતએ ટેલિફોનથી કરેલ. અડોશપડોશના કયા વ્યકિતએ પોલીસને જાણ કરેલી તેની તેમને ખબર નથી. બનાવ બન્યા બાદ તેમની ગાડી સ્લીપ થઇ ગયેલી અને તેઓ પડી ગયેલા. તેઓ પડી જવાથી ગભરાઇ ગયેલા. તેઓ પડી ગયેલા એટલે જે વ્યકિતઓ આવેલા હતા તેમની ગાડી ફૂલ સ્પીડમાં આગળ નીકળી ગયેલ હતી. લાલ કલરની ગાડી ઘણી બધી હોય છે. લાલ કલરની મો.સા.ગાડીનું વર્ણન તેમણે લખાવેલ નથી. લાલ કલરની મો.સા. કઇ કંપનીની હતી તેની તેમને ખબર નથી. અન્ય

સજેશનોનો ઈન્કાર કરેલ છે.

સદર સાહેદની આરોપી નં.૩ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મને ગુજરાતી લખતા વાંચતા આવડે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ફરિયાદ તે જ દિવસે આપેલી. પોલીસે રજીસ્ટર ૭ મી તારીખે કરેલી. બનાવ સમયે વાહનોની અવરજવર હોય છે. હવે જણાવે છે કે, તેઓ જે સમયે હતા તે સમયે અવરજવર ન હતી. તેમણે ફરિયાદમાં સહી વાંચીને કરેલી. ફરિયાદમાં અજાણ્યા વ્યકિતઓના વર્ણન કે મો.સા.નો નંબર જણાવેલ નથી. સાહેદ જણાવે છે કે, ચેઈન ચોરનાર વ્યકિતને તેમણે અંદાજાથી જોયેલો હતો. ફરિયાદમાં વ્યકિતને અંદાજાથી જોયેલાની હકીકત લખાવેલ નથી. આ હકીકત આજરોજ તેઓ પહેલી વખત જણાવે છે. આરોપીઓની ઓળખપરેડ માટે કોઈ સરકારી કચેરીમાં તેમને બોલાવવામાં આવેલ નથી. આજરોજ ચાર્જશીટમાં જે ફોટા તેમણે ઓળખી બતાવેલ છે તે પોલીસ સ્ટેશનમાં તેમને બતાવવામાં આવેલા, તેથી ઓળખી બતાવેલ છે.

**(૧૧)** ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૫ તરીકે સાહેદ–દર્શનકુમાર રમેશચંદ્ર દલવાડીને આંક–૩૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે, ફરિયાદી અર્ચનાબેન તેમના સાળાના પત્ની થાય છે. બનાવની તારીખ તેમને ખબર નથી અને બનાવ કયા વર્ષમાં બનેલ તે પણ હાલ યાદ નથી. બનાવ આશરે આજથી ચારેક વર્ષ પહેલાં બનેલો હતો. અર્ચનાબેન તેના દીકરા પંથને ટ્યુશને મૂકી ઘરે પરત આવતા હતા તે વખતે એક મો.સા પર બે ઈસમોએ અર્ચનાબેનની

એક્ટીવાની બાજુમાં તેમની મો.સા દબાવી તેમના ગળામાં પહેરેલ સોનાની ચેઈન આંચકી નાસી ગયેલા. જે સંબંધે અર્ચનાબેને ફરિયાદ આપેલી , પોલીસે તેમનો જવાબ લીધેલો.

સદર સાહેદની આરોપી નં.૧ અને ૨ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નથી.

સદર સાહેદની આરોપી નં.૧ અને ૨ તરફે જે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તે ઊલટ તપાસ આરોપી નં.૩ તરફે એડોપ્ટ કરેલ છે.

**<u>પંચ સાહેદોનો પુરાવોઃ–</u>**

**(૧૨)** આ કામે ફરિયાદ પક્ષ તરફથી આંક–૧૨ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે. સદર પંચનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે સાહેદ નં.૧ તરીકે પંચ સાહેદ–હિરેન કરશનભાઈ બરોડીયાને આંક–૧૧ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૮/૨/૨૨ ના રોજ જહાંગીરપુરા કેનાલ રોડ પાસે, ગ્રીન ઓરીયન રેસીડન્સી પાસે ત્રણ રસ્તા આવેલ છે ત્યાં જહાંગીરપુરા પોલીસે તેમને બોલાવેલા. તે વખતે તેમની સાથે બીજા પંચ તરીકે મોન્ટુભાઇ ભગત હતા. તે જગ્યા પર ચેઈન સ્નેચીંગ થયેલ તે જગ્યાનું પંચનામું કરવા બોલાવેલ. તે જગ્યા અર્ચનાબેન નિપુણભાઇ રાજપુતનાઓએ જગ્યા બતાવતા તે જગ્યાનું પોલીસે વિગતવારનું પંચનામુ કરેલું અને તેમાં તેમની તથા મોન્ટુભાઇ ભગતની સહી કરાવેલી. જે આંક–૧૨ થી રજૂ ગુનાવાળી જગ્યાનું પંચનામું જોઈને તેમાં પંચ નં.૨ તરીકે

તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે અને જણાવેલ છે કે, તે જગ્યા તેમણે જોયેલી. તે જગ્યા ગ્રીન ઓરીયન એપાર્ટમેન્ટના ગેટથી થોડી દૂર આવેલી હતી. જે જગ્યાનું પોલીસે પંચનામું કરેલું. તે જગ્યા પર અર્ચનાબેન તેમના દીકરા સાથે એકટીવા મોપેડ પર જતા હતા ત્યારે બે જણ મો.સા. પર આવેલા અને અર્ચનાબેનના ગળામાં પહેરેલ સોનાની ચેન ઝૂંટવીને નાસી ગયેલાની હકીકત તેમણે તેઓ પંચો રૂબરૂ જણાવેલી.

સદર સાહેદની આરોપી નં.૧ અને ૨ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ટોરેન્ટ પાવરમાં નોકરી કરે છે. ફરિયાદી ગ્રીન ઓરીયનમાં રહેતા હતા અને હાલ અમદાવાદ રહે છે. ફરિયાદીના પતિ પણ નોકરી કરે છે. ફરિયાદીના પતિને તેઓ છેલ્લા પાંચ–છ વરસથી ઓળખે છે. સવાલ–ફરિયાદીના પતિ નિપુણભાઇનો ફોન આવેલો અને જેથી તમે પો.સ્ટે.એ ગયેલા? જવાબ– ફરિયાદીના પતિ નિપુણભાઇનો ફોન આવેલો એટલે તેઓ સ્થળ ઉપર ગયેલા, ત્યાંથી તેઓ પો.સ્ટે.એ કંમ્પ્લેઇન લખાવવા ગયેલા. તેઓ, નિપુણભાઈ તથા મોન્ટુભાઈ બનાવ સ્થળે ભેગા થયેલા અને ત્યારબાદ ત્યાંથી પોલીસ સ્ટેશને ગયેલા. નિપુણભાઇએ બનાવ સ્થળે બોલાવેલ ત્યારે તેઓ અડધો કલાક જેટલો સમય બનાવ સ્થળે રોકાયેલા. ત્યાંથી તેઓ નિપુણભાઈ સાથે તેમની ગાડી ઉપર ગયેલા. નિપુણભાઇનો ફોન તેમના પર બપોરના સમયે આવેલો. પો.સ્ટે.માં તેઓ ચોકકસ કેટલા સમય રોકાયેલા તે હાલ તેમને યાદ નથી અને પો.સ્ટે.થી તેઓ તેમના કામ માટે ચાલ્યા ગયેલ. ત્યારબાદ તેમને પોલીસ સ્ટેશનમાં જવાનું થયેલ નથી. અન્ય સજેશનનો ઈન્કાર કરેલ છે.

સદર સાહેદની આરોપી નં.૧ અને ૨ તરફે જે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તે ઊલટ તપાસ આરોપી નં.૩ તરફે એડોપ્ટ કરેલ છે.

**(૧૩)** આ કામે ફરિયાદ પક્ષ તરફથી આંક–૨૯ થી મુદ્દામાલ રીકવરીનું પંચનામું રજૂ થયેલ છે. સદર પંચનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે સાહેદ નં.૩ તરીકે પંચ સાહેદ–વસીમ આદમ શેખને આંક–૨૮ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૪/૨/૨૦૨૨ ના રોજ ડી.સી.બી. પોલીસે તેમને કૈલાશનગર ચોકડી પાસે પંચ તરીકે બોલાવેલ. બીજા પંચ તરીકે પીયુષ રતિલાલનાઓ હાજર હતા. તેમને સમજ કરેલી કે, ખટોદરા પો.સ્ટે.માં કોઇને ચાકુ બતાવીને બે–ચાર ઘા મારેલ અને ત્યાં પબ્લિક જમા થઇ ગયેલી અને તેમાં ગણેશ વાઘ અને બીજો એક ઇસમ પબ્લિકમાંથી મોપેડ ગાડી લઇને ભાગી ગયેલો તે એક જણાને ઘાવ બતાવીને જતો રહેલો અને તેમની ગાડી લઇને જતા રહેલા અને ત્યાંથી તેઓ ડીસ્પોઝલ પ્લાન્ટ ગાડીના પુલ પાસે આ લોકો આવવાના છે, તેવી બાતમી હતી, તેથી કૈલાશનગરથી ત્યાં ગયેલા. ત્યાં અલગ–અલગ જગ્યા પર ઉભા રહેલા. ત્યારબાદ આ લોકો બે મોપેડગાડી લઇને બે જણા આવેલા પોલીસે તેને ડંડો બતાવી ઉભા રાખેલા તેના નામ પૂછતાં એકનું નામ ગણેશ વાઘ અને બીજાનું નામ વિજય રાણા હતું. એ લોકોની અંગઝડતી કરતા ગણેશ વાઘ પાસેથી એક રેમ્બો છરો કાળા કલરના કવરમાં તથા આઠ સોનાની ચેઈન મળેલી. બીજા વિજય પાસેથી પાંચ ચેઈન મળેલી. જે પ્લાસ્ટીકના ઝભલામાં હતી. ત્યાં સોનીને બોલાવેલા. તે સોનીનું નામ મોહંમદ ઝુબેર હતું. જે ચોકસી જવેલર્સનો

હતો. તેણે કોઇ ધાતુથી ચેક કરી સોનાની ચેઈનો છે, તેવું જણાવેલું. આ ચેઈનો ડબ્બામાં પેક કરીને સીલ કરેલી અને ત્યાંથી નીકળી ગયેલ અને પોલીસ સ્ટેશને જઇ સહી કરેલી તે લોકો લખતા હતા અને તેઓ કહેતા હતા. વધુમાં સદર સાહેદે આંક–૨૯ થી રજૂ મુદ્દામાલ રીકવરીનું પંચનામું જોઈને તેમાં પંચ નં.૧ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદ જે બે વ્યકિતને તેમની સામે પકડેલા તે આરોપી વિજયને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. આરોપી–ગણેશ વાઘ મરણ ગયેલ છે.

સદર સાહેદની આરોપી નં.૧ અને ૨ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ અગાઉ તેઓ બે થી ત્રણ વખત પંચનામામાં પંચ તરીકે રહેલ છે. પોલીસ પાસે તેમનો મોબાઇલ નંબર અને બધી ડીટેઈલ છે. પોલીસ સાથે તેમને રિક્ષા ચલાવતો હોય સંબંધ છે. પોલીસ તેમને જયારે પંચનામાંમાં સહીઓ કરવાની હોય ત્યારે પોલીસ સ્ટેશન બોલાવે છે અને પો.સ્ટે.માં જઇ પંચનામામાં સહીઓ કરે છે. આ અગાઉ બે–ત્રણ કેસમાં જુબાની આપવા માટે કોર્ટમાં આવેલા છે. આ અગાઉ તેમણે પો.સ્ટે.માં સહીઓ કરેલી છે. સાહેદ જણાવે છે કે, તેમણે સામે સહીઓ કરેલી. સામે જે સહીઓ કરેલી તે અમુક જગ્યાએ જઇને કરેલી અને બીજી સહીઓ પોલીસ સ્ટેશનમાં જઇને કરેલી. પો.સ્ટે.માં જે સહીઓ કરાવે છે, તેમાં પો.સ્ટે.માં જઇએ ત્યારે તે લખાણ સમજાવે છે અને પછી સહીઓ કરાવેલ છે. તેમને કૈલાશનગર પાસે જયેશભાઇએ ફોન કરીને બોલાવેલ. જયેશભાઇનો ફોન અગિયાર વાગ્યાની આસપાસ આવેલો. પોલીસવાળા કૈલાશનગર પાસે જ ઉભા હતા અને ત્યાં

તેમને બોલાવેલા. પોલીસવાળાનો ફોન આવ્યો ત્યારે તેઓ ઉધનાવાળા રોડ પર રિક્ષામાં હતો. ઉધનાથી કૈલાશનગર પહોંચતા પંદર થી વીસ મિનિટ જેટલો સમય થયેલો. કૈલાશનગર પાસે ગયેલા ત્યાં કોઈ લખાણ કરવામાં આવેલ નથી. કૈલાશનગર પાસે તેમની અરસપરસની અંગજડતીનું પંચનામું કરેલ નથી. આ કૈલાશનગરથી તેઓ તેમની રિક્ષામાં ગયેલા. પોલીસવાળા અલગ–અલગ ગાડીમાં આવેલા. બીજી અલગ–અલગ ગાડીનું વર્ણન તેમણે પંચનામામાં લખાવેલ નથી. તેમણે તેમની રિક્ષાનો નંબર પંચનામામાં લખાવેલ નથી. બાતમીવાળી જગ્યાએ તેઓ કેટલા વાગે પહોંચેલા, તેનો ટાઇમ તેમને ખબર નથી. સાહેદ જણાવે છે કે, દસ મિનિટમાં પહોંચી ગયેલા. બીજા પોલીસવાળા કેટલા માણસો હતા તેની તેમને ખબર નથી. તેઓ જયેશભાઈ સાથે ગયેલા. કહેવાતી બાતમીવાળી જગ્યાએ ખુલ્લો રોડ આવેલ છે. તેઓ ખાડીના કિનારે સાઇડ ઉપર ઉભા હતા અને પોલીસ અલગ–અલગ જગ્યાએ બ્રીજ ઉપર ઉભી રહેલ હતી. આરોપીઓ કયાંથી આવવાના છે તે પોલીસે તેમને જણાવેલ નથી. જે બ્રીજવાળો રોડ છે, તે બે બાજુ વાળો રોડ છે. કઇ બાજુથી આવવાના છે તે પંચનામામાં લખાવેલ નથી. હવે જણાવે છે કે, આરોપીઓ કઇ બાજુથી આવવાના છે તે હકીકત પંચનામામાં લખાવેલ છે કે કેમ? તેની તેમને ખબર નથી. એ વાતની તેમને ખબર નથી કે, તેઓ જગ્યા પર પહોંચ્યા ત્યારબાદ આરોપીઓ કેટલા સમય પછી જગ્યા પર આવેલા. આરોપીઓ જે વાહન લઈને આવેલા તે વાહનનો નંબર તેમણે લખાવેલ નથી. સવાલ– આરોપીઓ જે વાહન લઈને આવેલા તે કયા પ્રકારનું અને કંઈ કંપનીનું હતું તે લખાવેલ નથી? જવાબ–એક એકટીવા હતું અને એક મોપેડ બાઇક હતું

તે ટીવીએસ કંપનીનું હતુ. એક એકટીવા હતું અને એક મોપેડ બાઇક હતું તે ટીવીએસ કંપનીનું હતુ તેવુ પંચનામામાં લખાવેલું. બાતમીવાળી જગ્યા પર સોનીને કોણે બોલાવેલા તેની તેમને ખબર નથી. આ સોની કેટલા સમય પછી આવેલા તેની તેમને ખબર નથી. બાતમીવાળા સ્થળ ઉપર તેમને અડધો કલાકની અંદર જેટલો સમય રોકાવવાનું થયેલું. આ તમામ લખાણ કોમ્પ્યૂટર પર કરતા હતા. હવે જણાવે છે કે, લેપટોપમાં જગ્યા પર તૈયાર કરતા હતા. જે ડબ્બા ઉપર સીલ કરવામાં આવેલ હતું તે ગુજરાતી ભાષામાં હતું. હવે જણાવે છે કે, તેમને ખ્યાલ નથી અને તે બે ડબ્બાઓ હતા. બાતમી સ્થળ પર તેમની કોઇ લખાણમાં કે કોઇ પણ કાપલીમાં સહી લેવામાં આવેલ નથી. પોલીસ સ્ટેશનમાં આ પંચનામામાં એક વખત સહી કરેલી. આજરોજ તેઓ હાથમાં પંચનામાની તારીખ તા.૧૪/૨/૨૨ લખીને લાવેલ છે, તે તેમણે તેમને મળેલ સમન્સમાં જોઇને લખી છે. સદર સાહેદની આરોપી નં.૧ અને ૨ તરફે જે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તે ઊલટ તપાસ આરોપી નં.૩ તરફે એડોપ્ટ કરેલ છે.

**(૧૪)** આ કામે ફરિયાદ પક્ષ તરફથી આંક–૩૩ થી ગુનાના કામે મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું રજૂ થયેલ છે. સદર પંચનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે સાહેદ નં.૪ તરીકે પંચ સાહેદ–સફીક લતીફ શેખને આંક–૩૨ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં આંક–૩૩ થી રજૂ પંચનામું જોઈને તેમાં પંચ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક–૩૩ થી રજૂ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો પૂરો પાડેલ નથી. આથી સદર સાહેદને ફરી

ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ઊલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછી, વિસ્તૃત ઊલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ ઊલટતપાસમાંથી પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો સદર સાહેદ દ્વારા પોતાના સોગંદ ઉપરના પુરાવામાં પૂરો પાડવામાં આવેલ નથી.

**<u>સ્વતંત્ર સાહેદનો પુરાવોઃ–</u>**

**(૧૫)** આ કામે ફરિયાદ પક્ષ તરફથી સોના ચાંદીના દાગીનાનું વેચાણ કરવાનું તથા રીપેરીંગ કરવાનું કામ કરનાર સાહેદ–મોહંમદ ઝુબેર મોહંમદ હનીફ ચોકસીને સાહેદ નં.૯ તરીકે આંક–૪૮ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ તેમના પરિવાર સાથે તેમના રહેઠાણના સરનામે રહેતા આવેલ છે અને મહીધરપુરા પીરછડી રોડ પર "એચ.જે.જવેલર્સ" ના નામથી સોના–ચાંદીના દાગીના વેચાણ કરવાનું તથા રીપેરીંગ કરવાનું કામ આશરે ૩૦ વર્ષથી કરતા આવેલ છે. સોના–ચાંદીના દાગીના વેચાણ કરવાનું તથા રીપેરીંગ કરવાનું કામ તેઓ કરતા આવેલ હોય, જેથી દાગીનાની ખરાઇ કરવા માટે જે સાધનો જરૂરી હોય તે તમામ સાધનો તેમણે વસાવી રાખેલ છે. સુરત પોલીસની અલગ–અલગ શાખામાં નોંધાયેલ ગુનામાં સોના–ચાંદીના દાગીના ચોરાયેલ હોય અથવા તે સંબંધી ગુના થયેલ હોય તો તે દાગીનાની ખરાઇ કરવા માટે જે તે પોલીસ સ્ટેશનના કર્મચારી દ્વારા તેમને સોના–ચાંદીના દાગીનાની ખરાઇ કરવાના સાધનો સાથે બોલાવવામાં આવતા હોય છે. જે તે મુદ્દામાલ તરીકે પોલીસે લીધેલ સોના–ચાંદીના દાગીનાની

ખરાઇ કર્યા બાદ તેઓ તે દાગીનાના વજન તેમજ બજાર કિંમત અને પ્યોરીટી બાબતે સર્ટિફિકેટ લખીને આપતા આવેલ છે તેમજ પોલીસ દ્વારા તેમનું નિવેદન લેવામાં આવે છે. ડી.સી.બી.પોલીસ સ્ટેશન દ્વારા તેમને ઉપરોકત કામગીરી માટે ઘણી વખત બોલાવવામાં આવેલ છે. ડી.સી.બી. પોલીસ સ્ટેશન દ્વારા તેમને ઉધના મગદલ્લા રોડ ઉપર ઉપરોકત કામગીરી માટે બોલાવવામાં આવેલ હોય તેવું હાલ તેમને યાદ નથી. તેઓ આંક–૪૯ થી રજૂ દાગીનાની ખરાઇ બાબતે આપેલ પ્રમાણપત્રની નકલ જોઈને તેમાં તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે. સદર પ્રમાણપત્ર બાબતેની કાર્યવાહી જે તે સમયે ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલી. આરોપીઓ પૈકી આરોપી નં.૨ ને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે અને આરોપી નં.૧ ગણેશ ઉર્ફે ગણીયો મરણ ગયેલ છે.

સદર સાહેદ દ્વારા તેમના નિવેદનની હકીકતને સમર્થનકારી પુરાવો પૂરો પાડવામાં આવેલો નથી. આથી સદર સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરવામાં આવેલા છે અને ઊલટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછી, વિસ્તૃત ઊલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ ઊલટતપાસમાંથી પણ ફરિયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો સદર સાહેદ દ્વારા પોતાના સોગંદ ઉપરના પુરાવામાં પૂરો પાડવામાં આવેલ નથી.

સદર સાહેદની આરોપી નં.૧ અને ૨ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ડી.સી.બી., એસ.ઓ.જી. અને પી.સી.બી. દ્વારા સોનાના દાગીનાની ખરાઇ કરવા સંબંધે બોલાવે ત્યારે તેઓ સંબંધિત પોલીસ સ્ટેશનમાં જાય

છે. આ દાગીના પોલીસ કયાંથી, કેવી રીતે અને કોની પાસેથી લઇ આવેલા તે અંગે તેમને કોઇ જાણકારી નથી. પોલીસવાળા દ્વારા આવા દાગીનાનું વજન તથા ખરાઇ કરવા માટે તેમને આપે ત્યારબાદ તેઓ તેની વજનની ખરાઇ કરી ખુલ્લી અવસ્થામાં તેમને પરત કરે છે. તેમણે આ દાગીના પોલીસને પાછા આપ્યા બાદ તેઓ આ દાગીનાનું શું કરે છે, તેની તેમને ખબર નથી. સદર સાહેદની આરોપી નં.૩ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

**<u>પોલીસ સાહેદોનો પુરાવોઃ–</u>**

**(૧૬)** આ કામે ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૬ તરીકે બાતમી આધારે આરોપીઓની અટક કરનાર પોલીસ સાહેદ–PI કિરીટકુમાર અશોકભાઈ સાવલીયાને આંક–૩૬ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૨૨ માં તેઓ ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત ખાતે પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા તે વખતે તા.૩/૨/૨૨ ના રોજ ખટોદરા પો.સ્ટે.માં લૂંટનો ગુનો જાહેર થયેલ. તે પહેલાં યુનિવર્સિટી પાસે પણ લૂંટનો બનાવ બનેલ. આ સિવાય અન્ય ચેઇન સ્નેચીંગના બનાવો બનેલ હોય જેથી ગુનાના સ્થળની વીઝીટ કરી તેઓ તથા અ.હે.કો. દીગ્વિજયસિંહ, એ.એસ.આઇ. જયેશ ગંગાધર, એ.એસ.આઇ. અનિલ ભીમરાવ, અ.હે.કો. યોગેન્દ્રસીંહ, અ.હે.કો. મહાવીરસીંહ, અ.હે.કો. સહદેવસીંહ, અ.હે.કો. મુકેશ નટવર તથા અ.હે.કો. અઝગરઅલી અનવરઅલીનાઓ વર્કઆઉટમાં હતા. દરમ્યાન ફરતા–ફરતા પાંડેસરા કૈલાશનગર પાસે આવતા દીગ્વીજયસીંહ,

યોગેન્દ્રસીંહ અને અઝગરઅલીનાઓને તેમના અંગત બાતમીદાર મારફતે બાતમી મળેલ કે ઉપરોકત ગુનાઓમાં ગણેશ વાઘ અને તેનો સાગરીત અક્ષય શીંદે સંડોવાયેલા તેઓ છેલ્લા ઘણા સમયથી શહેર વિસ્તારમાં ચેઈન સ્નેંચીંગના ગુનાઓ આચરી તેમાં મેળવેલ ચેઈનો વિજય રાણા પાસે મુકતા આવેલા. ગણેશ વાઘ અને વિજય રાણા ચેઈનોની ભાગ બટાઇ કરી વેચાણ કરવાના ઈરાદે અલગ અલગ મોપેડ પર ફરી રહયા છે અને તેઓ થોડીવારમાં ઉધના મગદલ્લા રોડ એસએમસી ડીસ્પોઝલ પ્લાન્ટની પાસે આવેલ ખાડીના પુલ પરથી પસાર થનાર છે, ગણેશ વાઘે કાળા કલરનું જેકેટ ભૂરા કલરનું પેન્ટ તથા વિજય રાણાએ ભૂરા કલરનું જેકેટ કાળા કલરનું પેન્ટ પહેરેલ છે વગેરે બાતમી મળતા તેઓને જાણ કરતા તેમણે એ.એસ.આઇ. જયેશ ગંગાધરને નજીકમાંથી બે પંચો બોલાવડાવી ઉપરોકત બાતમી હકીકતથી અવગત કરી અલગ–અલગ ખાનગી વાહનમાં બેસી બાતમીવાળી જગ્યાએ આવી એકબીજાને જોઇ શકાય તેવી રીતે છૂટાછવાયા ગોઠવાયેલા. દરમ્યાન દસ–પંદર મિનિટ બાદ બાતમી વર્ણનમાં જણાવેલ કપડાવાળા ઈસમો આવતા ખાતરી થતાં ઈસમોને કોર્ડન કરી પકડી પાડેલ જેના પંચો રૂબરૂ વારાફરતી નામ પૂછતા એક આરોપીએ તેનુ નામ ગણેશ ઉર્ફે ગણીયો રવિન્દ્ર વાઘ હોવાનું જણાવેલ તેની અંગઝડતી કરતા તેના પેન્ટના નેફામાંથી કાળા કલરના કવરમાં રેમ્બો છરો તથા પેન્ટના ખિસ્સામાંથી પ્લાસ્ટીકની થેલીમાં પીળા ધાતુની ચેઈનો અને માળા નંગ–૮ મળી આવેલ. બીજા આરોપીનું નામ પૂછતા તેણે પોતાનું નામ વિજય ડાહયાભાઇ કાંગરીવાલા હોવાનું જણાવેલ તેની અંગઝડતી કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી પ્લાસ્ટીકની થેલીમાંથી પીળા

ધાતુની ચેઇનો નંગ–૫ મળી આવેલ. આ ચેઇનો બાબતે ખરાઇ કરવા સારું એએસઆઇ જયેશ ગંગાધરને નજીકમાંથી સોનીકામના જાણકાર અને વજનકાંટા તથા સોનુ પારખવાના સાધનો સાથે બોલાવવાની સૂચના આપતા તેમણે ટેલિફોનિક સંપર્ક કરી બોલાવવાની તજવીજ કરેલ. આ આરોપીઓ પૈકી ગણેશ વાઘ પાસે કાળા કલરની એકટીવા મોપેડ જેનો રજી.નં.જી.જે. ૫. એમ એન. ૨૨૯૬ નો હતો તથા વિજય કાંગરીવાલા પાસેથી ટીવીએસ એક્ષેસ મોપેડ હતી, જેનો રજી.નંબર ન હતો. આ દરમ્યાન સોનુ પારખવાના સાધનો સાથે સોની આવતા પંચો રૂબરૂ તેનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ મોહંમદ ઝુબેર મો.હનીફ ચોકસી હોવાનું જણાવેલ અને જે મહીધરપુરા ખાતે એચ.જે.જવેલર્સના નામની દુકાન ચલાવતા હોવાનુ જણાવેલ. જે સાથે સોનુ પારખવાના સાધનો તથા વજન અને કેરેટ તથા હાલના બજારભાવની ખરાઇ કરી મજકુર પાસેથી મળી આવેલ સોનાની ચેઇન બાબતે લખી આપવાનું જણાવેલ. આરોપી ગણેશ પાસેથી ૧ સોનાની રૂદ્રાક્ષની માળા, ૬ સોનાની ચેઇન તથા ૧ સોનાની તુલસીની માળા મળી આવેલી જેની સોનીએ ખરાઇ કરી સર્ટિફિકેટ આપેલું. આરોપી વિજય પાસેથી ૪ સોનાની ચેઇન અને ૧ સોનાનો હાર મળી આવેલ, જેની ખરાઇ કરી સર્ટિફિકેટમાં લખી લીધેલ. બાદ તેઓએ આ દાગીનાઓ બાબતે આરોપીઓ પાસેથી માલિકીના આધાર પુરાવા અને વાહનોની આર.સી.બુક ની માંગણી કરતા નહીં હોવાનું જણાવેલ અને ગોળગોળ જવાબ આપી સંતોષકારક ખુલાસો ન કરતાં હોય છળકપટથી મેળવેલ હોવાનું જણાઇ આવતા ૧૩ અલગ–અલગ પ્લાસ્ટીકની ડબ્બીઓમાં મૂકી સીલ કરી, કબજે લીધેલ તથા ઉપરોકત બંને વાહનો

કબજે લીધેલ અને મળી આવેલ રેમ્બો છરો કબજે લીધેલ. સી.આર.પી.સી.ક.૧૦૨ મુજબ મુદ્દામાલ કબજે લઈ આરોપીઓનુ ડીટેઈન પંચનામું કરેલું. સોની પાસેથી મેળવેલ પ્રમાણપત્ર તપાસના કામે સામેલ રાખેલ. આરોપીઓને જે ડીટેઈન કરેલા તે અંગે સ્ટે.ડા.માં નોંધ કરેલ. સોનીનું નિવેદન લીધેલ. રેડીંગપાર્ટીના સાહેદોનું નિવેદન લીધેલ, આરોપીઓના નિવેદન લીધેલ, જે તે પોલીસ સ્ટેશનમાં આ મળી આવેલ મુદ્દામાલ બાબતે ગુનાઓ નોંધાયેલ હોય તે અંગે લાગુ પો.સ્ટે.ને જાણ કરેલ. વધુમાં સદર સાહેદે આંક–૨૯ થી રજૂ સી.આર.પી.સી.ક.૧૦૨ મુજબનું ડીટેઈન પંચનામું જોઈને તેમાં લખેલ વિગત ખરી હોવાનું તથા તેમાં બે પંચોની અને રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે તેમજ આંક–૪૦ થી રજૂ સ્ટેશન ડાયરીમાં નોંધ રિપોર્ટ જોઈને તે આ કામે ડીટેઈન કરેલ આરોપી બાબતે ડી.સી.બી. પો.સ્ટે.માં સ્ટેશન ડાયરીમાં નોંધ કરાવેલ જેનો સ્ટેશન ડાયરીમાં નોંધ નં.૧૧/૨૦૨૨ નો પડેલ, જેમાં નોંધ કરાવનાર તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે તેમજ જે બે વ્યકિતને તેમણે પકડેલા તે નામદાર કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકે તેમ જણાવી, આરોપી ગણેશ વાઘ મરણ ગયેલ છે તથા વિજય કાંગરીવાળાનો હાજરી મુકિત રિપોર્ટ આપી ઓળખની તકરાર જતી કરેલ છે.

સદર સાહેદની આરોપી નં.૧ અને ૨ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાતમી તેમને મળેલ ન હતી. તેમના સાથેના પોલીસ હે.કો.યોગેન્દ્રસીંહ, દીગ્વીજયસીંહ, અઝગરઅલીનાએ તેમને ૦૬–૪૫ થી ૦૬–૫૦ દરમ્યાન

જાણ કરેલી. આ બાતમી અંગેની નોંધ તેમણે બાતમી રજિસ્ટર કે સ્ટેશન ડાયરીમાં તેમણે કરાવેલ નથી. ગુનાના આરોપીઓ વોન્ટેડ હોવા અંગેની તેમને જાણ હતી. ગુનો ફેબ્રુઆરી મહિનાનો હતો. ગુના રજિસ્ટર નંબર હાલ તેમને યાદ નથી. બાતમી અંગે પ્રથમ ભાગનું કોઇ પંચનામું કરેલ ન હતું. બાતમી મળ્યા બાદ કૈલાશનગર ચોકડી પાંડેસરા ખાતે સ્ટાફના માણસોને ભેગા કરેલા. કૈલાશનગર ખાતે પ્રથમ ભાગનું કોઇ પંચનામું કરેલ ન હતુ. કૈલાશનગર ખાતે અમે કુલ ૨૦ થી ૨૫ મિનિટ જેટલો સમય રોકાયેલા. તેમના સાથેના પોલીસ કર્મચારીએ તેમને બાતમી અંગે જાણ કરેલ તે સમયે કૈલાશનગર ચોકડી વિસ્તારમાં જ તેઓ તથા સ્ટાફના માણસો હતા. તેઓ પેટ્રોલીંગમાં સવારના ૦૫–૦૦ વાગ્યાથી નીકળેલા. પેટ્રોલીંગમાં નીકળેલ તે અંગેની નોંધ કોઇ રજિસ્ટરમાં કરેલ ન હતી. કયું ચોકકસ ખાનગી વાહન હતું તે તથા તેના નંબરની હકીકતો પંચનામામાં લખેલ નથી તેમજ કયા વાહનમાં કયા–કયા પોલીસ કર્મચારીઓ હતા તેનો સ્પષ્ટ ઉલ્લેખ પંચનામામાં કરેલ નથી. ખાનગી વાહન કયુ ચોકકસ હતું તે અંગે તેમનું એવું કહેવું છે કે, તે કુલ–૨ કાર હતી. બાતમીવાળા સ્થળે આ જ કારમાં ગયેલા હતા. બાતમીવાળા સ્થળે રિક્ષામાં ગયેલા હોય એવું બનેલ નથી. પંચોને એ.એસ.આઇ. જયેશ ગંગાધર લાવેલા. એ હકીકતની તેમને ખબર નથી કે, આ પંચો એક કરતા વધારે પંચનામાઓમાં પંચો તરીકે અગાઉ રહેલા કે કેમ? પંચોને સીધા બાતમીવાળા સ્થળે બોલાવવામાં આવેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પંચોને કૈલાશનગર ચોકડી પાંડેસરા ખાતે પ્રથમ બોલાવવામાં આવેલા. આ પંચોને ચોકકસ કઇ જગ્યાએથી જયેશભાઇ બોલાવી લાવેલા તેની તેમને ખબર નથી.

જયેશભાઇ પંચોને બોલાવવા સવારના આશરે ૦૭–૦૦ વાગ્યાની આસપાસ ગયેલા. જયેશભાઇ આ પંચોને ૧૦ થી ૧૫ મિનિટમાં બોલાવી લાવેલા. જયેશભાઇ પંચોને તેમની પાસે બોલાવી લાવેલા ત્યારબાદ ૧૦ થી ૧૫ મિનિટ જેટલો સમય તેઓ કૈલાશનગર ચોકડી ખાતે રોકાયેલા. કૈલાશનગર ચોકડીથી બાતમીવાળુ સ્થળ આશરે એક થી બે કિલોમીટર જેટલું દૂર આવેલું છે. તેમને બાતમીવાળા સ્થળે પહોંચતા પાંચ થી દસ મિનિટ જેટલો સમય લાગેલો. તેમના કહેવા મુજબ બાતમીમાં આરોપી કયા વાહનમાં આવવાના છે તે અંગેની નોંધ પંચનામામાં તેમણે કરેલ હતી. બાતમીવાળું સ્થળ એ જાહેર રસ્તો અને ખુલ્લો રોડ હતો. ઉધના મગદલ્લા રોડ ગાંધીકુટીર એસ.એમ.સી. ડીસ્પોઝલ પ્લાન્ટની આજુબાજુમાં અન્ય ઇન્ડસ્ટ્રીઝ આવેલી છે. બાતમીમાં આરોપીઓ કયા રસ્તા પરથી અને કેટલા વાગે આવવાના છે તેવી હકીકત પંચનામામાં લખવામાં આવેલ હતી. તેઓ એસએમસી ડીસ્પોઝલ પ્લાન્ટના છેડા પર ઉભા રહેલ હતા. પંચો પણ તેમની સાથે એસએમસી ડીસ્પોઝલ પ્લાન્ટના છેડા પર ઉભા રહેલા હતા. સવાલ–તમારી સાથેના તમામ પોલીસ કર્મચારીઓ તમારી બાજુમાં એસએમસી ડીસ્પોઝલ પ્લાન્ટના છેડા પર ઉભા હતા? જવાબ– મારી સાથેના તમામ પોલીસ કર્મચારીઓ એસએમસી ડીસ્પોઝેબલ પ્લાન્ટની આસપાસ અરસપરસ એકબીજાને જોઇ શકાય તે રીતે ઉભા રહેલ હતા. તેમની સાથે પંચો ઉપરાંત અન્ય પોલીસ કર્મચારીઓ ઉભા ન હતા પરંતુ તેઓ અલગ–અલગ ઉભા હતા. એસ.એમ.સી. પ્લાન્ટનું કુલ ક્ષેત્રફળ કેટલું આવેલ છે, તે તેઓ ચોકકસ કહી શકે નહીં. બાતમીના વર્ણનવાળી વ્યકિતઓને લગભગ તમામ પોલીસ કર્મચારીઓએ સાથે

જોયેલા. બાતમીના વર્ણનવાળી વ્યકિતને સૌપ્રથમ કયા પોલીસવાળાએ અટકાવેલા તે તેઓ હાલ ચોકકસ કહી શકે નહીં. ખટોદરા પો.સ્ટે.ના કોઇ પોલીસ કર્મચારી સાથે આરોપી ગણેશે ગેરવર્તણૂંક કરેલી તેવા પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે, ખટોદરા પોલીસ સ્ટેશનના કર્મચારી પર આરોપી ગણેશ તથા અક્ષય શીંદેએ હુમલો કરેલ હતો. આરોપીના પેન્ટના કયા ખિસ્સામાંથી મુદ્દામાલ મળેલો તે અંગેની ચોકકસ વિગતો પંચનામામાં લખેલ નથી. તેઓ પેટ્રોલીંગમાં નીકળેલા ત્યારે તેમની સાથે ઇન્વેસ્ટીગેશ કીટમાં પોલીસ સ્ટેશનના સિક્કા, સીલીંગનો સામાન, લેપટોપ, પેપર અને પ્રિન્ટર વગેરે તથા લાકડીઓ તથા અન્ય સામાન હતો. એવું જરૂરી નથી કે, પોલીસ સ્ટેશનનું સીલ પી.એસ.ઓ.ના કબજામાં જ રહે છે. ઇન્વેસ્ટીગેશન કીટમાં જે જે સામાન હતો તે અંગેની નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલી કે કેમ? તેવા પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે, આ ઇન્વેસ્ટીગેશન કીટની નોંધ સ્ટેશન ડાયરીમાં કરવી જરૂરી નથી. પોલીસ સ્ટેશનનું સીલ કઇ ભાષામાં હતું તે હાલ તેમને યાદ નથી. આરોપી મળેલ તે સ્થળે અંદાજે દાઢેક કલાક જેટલો સમય તેમને રોકાવવાનું થયેલું. કયા આરોપી પાસેથી કેટલો સામાન મળેલો તે અંગે અલગ–અલગ બે ડબ્બાઓ કરેલા કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે, દરેક મુદ્દામાલ માટે અલગ–અલગ ડબ્બામાં આ સામાન પેક કરેલો. સોનીને બોલાવવા જયેશભાઇ ગયેલા. બાતમીવાળા સ્થળે પહોંચ્યા બાદ જયેશભાઇ તુરંત નીકળી ગયેલ ન હતા. તમે બાતમીવાળા સ્થળે પહોંચ્યા બાદ જયેશભાઇ કેટલા વાગે ગયેલા તેવા પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે, આરોપીઓ આવ્યા બાદ જયેશભાઇએ ટેલિફોનિક સંપર્ક કરી

સોનીને બોલાવેલા. સોની સ્થળ પર સવારના લગભગ ૦૮–૩૦ ની આસપાસ આવેલા હતા. પંચોએ તમામ સહીઓ કયા સ્થળે કરેલી તેવા પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે, તમામ પંચસ્લીપો પર સહીઓ સ્થળ પર કરેલી જયારે પંચનામામાં સહીઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા બાદ આ પંચનામાની પ્રિન્ટ કાઢયા પછી તેમાં સહીઓ કરેલી. કુલ ૦૨ પંચસ્લીપો પર સ્થળ પર સહીઓ લીધેલી હોય તેવું બનેલ ન હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ૦૨ કરતા વધારે પંચસ્લીપો ઉપર પંચોની સહીઓ લીધેલી. રેડવાળા સ્થળે ત્યાંના કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. પોલીસ કમિશ્નરશ્રીના સને–૨૦૧૨ માં આવેલ જાહેરનામા મુજબ ઇન્ડસ્ટ્રીયલ એરીયાની આજુબાજુના એરીયામાં કેમેરા લગાડવા ફરજીયાત હતા તેવા પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે, આવા જાહેરનામાંથી તેઓ માહિતગાર નથી. સાહેદ વધુમાં જણાવે છે કે, રેડવાળા સ્થળની આસપાસ કોઈ કેમેરા ન હતા. આ સમગ્ર રેડ દરમ્યાન કોઈ સીસીટીવી ફુટેજ તેમણે કબજે કરેલા નથી.

સદર સાહેદની આરોપી નં.૩ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૧૭)** આ કામે ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૮ તરીકે બાતમી આધારે આરોપીઓની અટક કરનાર પોલીસ સાહેદ–અ.હે.કો. અસગરઅલી અનવરઅલી મન્સુરીને આંક–૪૪ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૨૨ માં તેઓ ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરત ખાતે અ.હે.કો. તરીકે ફરજ બજાવતા

હતા તે વખતે તા.૩/૨/૨૨ ના રોજ ખટોદરા પો.સ્ટે.માં લૂંટનો ગુનો જાહેર થયેલ. તે પહેલાં યુનિવર્સિટી પાસે પણ લૂંટનો બનાવ બનેલ. આ સિવાય અન્ય ચેઇન સ્નેચીંગના બનાવો બનેલ હોય, જેથી ગુનાના સ્થળની વીઝીટ કરી તેઓ તથા અહેકો દીગ્વીજયસીંહ, એએસઆઇ જયેશ ગંગાધર,એએસઆઇ અનિલ ભીમરાવ, અહેકો યોગેન્દ્રસીંહ, અહેકો મહાવીરસીંહ, અહેકો સહદેવસીંહ, અહેકો મુકેશ નટવર , પીએસઆઇ કે.એ.સાવલીયાનાઓ વર્કઆઉટમાં હતા. દરમ્યાન ફરતા ફરતા પાંડેસરા કૈલાશનગર પાસે આવતા તેમને તથા દીગ્વીજયસીંહ, યોગેન્દ્રસીંહને તેમના અંગત બાતમીદાર મારફતે બાતમી મળેલ કે, ઉપરોકત ગુનાઓમાં ગણેશ વાઘ અને તેનો સાગરીત અક્ષય શીંદે સંડોવાયેલા તેઓ છેલ્લા ઘણા સમયથી શહેર વિસ્તારમાં ચેઇન સ્નેંચીંગના ગુનાઓ આચરી તેમાં મેળવેલ ચેઇનો વિજય રાણા પાસે મુકતા આવેલા. ગણેશ વાઘ અને વિજય રાણા ચેઇનોની ભાગ બટાઇ કરી વેચાણ કરવાના ઈરાદે અલગ–અલગ મોપેડ પર ફરી રહ્યા છે અને તેઓ થોડી વારમાં ઉધના મગદલ્લા રોડ એસએમસી ડીસ્પોઝલ પ્લાન્ટની પાસે આવેલ ખાડીના પુલ પરથી પસાર થનાર છે. ગણેશ વાઘે કાળા કલરનું જેકેટ ભુરા કલરનું પેન્ટ તથા વિજય રાણાએ ભુરા કલરનું જેકેટ કાળા કલરનું પેન્ટ પહેરેલ છે, વગેરે બાતમી મળતા તેઓએ સાવલીયા સાહેબને જાણ કરતાં તેઓએ એ.એસ.આઇ. જયેશ ગંગાધરને નજીકમાંથી બે પંચો બોલાવડાવી ઉપરોકત બાતમી હકીકતથી અવગત કરી અલગ–અલગ ખાનગી વાહનમાં બેસી બાતમીવાળી જગ્યાએ આવી એકબીજાને જોઇ શકાય તેવી રીતે છૂટાછવાયા ગોઠવાયેલા. દરમ્યાન દસ પંદર મિનિટ બાદ બાતમી વર્ણનમાં જણાવેલ કપડાવાળા

ઇસમો આવતા ખાતરી થતા ઇસમોને કોર્ડન કરી પકડી પાડેલ, જેના પંચો રૂબરૂ વારાફરતી નામ પૂછતા એક આરોપીએ તેનું નામ ગણેશ ઉર્ફે ગણીયો રવિન્દ્ર વાઘ હોવાનું જણાવેલ તેની અંગઝડતી કરતા તેના પેન્ટના નેફામાંથી કાળા કલરના કવરમાં રેમ્બો છરો તથા પેન્ટના ખિસ્સામાંથી પ્લાસ્ટીકની થેલીમાં પીળા ધાતુની ચેઇનો અને માળા નંગ–૮ મળી આવેલ. બીજા આરોપીનું નામ પૂછતા તેણે પોતાનું નામ વિજય ડાહ્યાભાઇ કાંગરીવાલા હોવાનું જણાવેલ, તેની અંગઝડતી કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી પ્લાસ્ટીકની થેલીમાંથી પીળા ધાતુની ચેઇનો નંગ–૫ મળી આવેલ. આ ચેઇનો બાબતે ખરાઇ કરવા સારું સાવલીયા સાહેબે એ.એસ.આઇ. જયેશ ગંગાધરને નજીકમાંથી સોનીકામના જાણકાર અને વજનકાંટા તથા સોનુ પારખવાના સાધનો સાથે બોલાવવાની સૂચના આપતા તેમણે ટેલિફોનિક સંપર્ક કરી બોલાવવાની તજવીજ કરેલ. આ આરોપીઓ પૈકી ગણેશ વાઘ પાસે કાળા કલરની એકટીવા મોપેડ જેનો રજી.નં.જી.જે. ૫.એમએન. ૨૨૯૬નો હતો તથા વિજય કાંગરીવાલા પાસેથી ટીવીએસ એક્ષેસ મોપેડ હતી જેનો રજી.નંબર ન હતો. આ દરમ્યાન સોનુ પારખવાના સાધનો સાથે સોની આવતા પંચો રૂબરૂ તેનું નામ–ઠામ પૂછતા તેણે પોતાનું નામ મોહંમદ ઝુબેર મો.હનીફ ચોકસી હોવાનું જણાવેલ અને જે મહીધરપુરા ખાતે એચ.જે.જવેલર્સના નામની દુકાન ચલાવતા હોવાનું જણાવેલ. જે સાથે સોનુ પારખવાના સાધનો તથા વજન અને કેરેટ તથા હાલના બજારભાવની ખરાઇ કરી મજકુર પાસેથી મળી આવેલ સોનાની ચેઇન બાબતે લખી આપવાનું જણાવેલ. આરોપી ગણેશ પાસેથી ૧ સોનાની રૂદ્રાક્ષની માળા, ૬ સોનાની ચેઇન તથા ૧

સોનાની તુલશીની માળા મળી આવેલી જેની સોનીએ ખરાઇ કરી સર્ટિફિકેટ આપેલું. આરોપી વિજય પાસેથી ૪ સોનાની ચેઇન અને ૧ સોનાનો હાર મળી આવેલ જેની ખરાઇ કરી સર્ટિફિકેટમાં લખી લીધેલ. બાદ સાવલીયા સાહેબે આ દાગીનાઓ બાબતે આરોપીઓ પાસેથી માલિકીના આઘાર પુરાવા અને વાહનોની આર.સી.બુક ની માંગણી કરતા નહીં હોવાનું જણાવેલ અને ગોળ–ગોળ જવાબ આપી સંતોષકારક ખુલાસો ન કરતા હોય છળકપટથી મેળવેલ હોવાનું જણાઇ આવતા ૧૩ અલગ–અલગ પ્લાસ્ટીકની ડબ્બીઓમાં મુકી સીલ કરી કબજે લીધેલ તથા ઉપરોકત બંને વાહનો કબજે લીધેલ અને મળી આવેલ રેમ્બો છરો કબજે લીધેલ. સી.આર.પી.સી.ક.૧૦૨ મુજબ મુદ્ઘામાલ કબજે લઇ આરોપીઓનુ ડીટેન પંચનામું સાવલીયા સાહેબ રૂબરૂ કરેલુ. રેડીંગપાર્ટીના સભ્ય તરીકે સાવલીયા સાહેબે તેમનું નિવેદન લીધેલું. જે બે વ્યકિતને તેમની હાજરીમાં પકડેલા તે પૈકી આરોપી ગણેશ વાઘ મરણ ગયેલ છે તથા વિજય કાંગરીવાળાને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

સદર સાહેદની આરોપી નં.૧ અને ૨ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાતમી તેમને મળેલ હતી. તેમણે તથા તેમની સાથેના પોલીસ હે.કો.યોગેન્દ્રસીંહ, દીગ્વીજયસીંહે સાવલીયા સાહેબને ૦૬–૪૫ થી ૦૬–૫૦ દરમ્યાન જાણ કરેલી. આ બાતમી બાતમીદાર મારફત મૌખિકમાં મળેલ હતી. આ બાતમી તેમને કૈલાશનગર પાસે મળેલી. આ બાતમી મળી ત્યારે તેઓ ટીમમાં સાથે હતો. આ બાતમી જાહેરમાં તેઓ ત્રણે જણાને મળેલી. આ બાતમીની કોઇ કાચી નોંધ તેમણે કરેલ ન હતી. બાતમી નામજોગ મળેલ હતી. બાતમી

મળેલ તે અગાઉ તેઓ વિજય રાણાને જોયેથી ઓળખતા ન હતા. પંચોને એ.એસ.આઇ. જયેશ ગંગાધર બોલાવવા ગયેલા. જયેશભાઇ નજીકમાંથી પંચોને બોલાવી લાવેલા. જયેશભાઇ પંચોને બોલાવવા ૦૭–૦૦ વાગ્યાની આસપાસ ગયેલા. તેઓ પંચોને બોલાવી ૦૮–૩૦ વાગ્યાની આસપાસ લઇને આવેલા. એ વાત ખરી નથી કે, આ પંચો એ પોલીસસ્ટેશનના રીક્ષા ડ્રાઇવર છે. તેઓ સવારે પેટ્રોલીંગમાં નીકળેલા તે અંગેની કોઇ સ્ટે.ડા.માં નોંધ કરેલ ન હતી. પેટ્રોલીંગમાં બે ફોરવ્હીલ ગાડીમાં નીકળેલા. જે સ્થળે બાતમી મળેલ તે સ્થળ અને જે સ્થળે આરોપીને પકડેલ અને પંચનામું કરેલ તે સ્થળ અલગ છે. જે જગ્યાએ બાતમી મળેલ તે જગ્યાએથી જે સ્થળે આરોપીને પકડેલ તે સ્થળે ફોરવ્હીલ ગાડીમાં ગયા હતા. તે દિવસે આ બે ફોરવ્હીલ ગાડી સિવાય અન્ય કોઇ વાહનનો ઉપયોગ કરવામાં આવેલ ન હતો. પોલીસ સમક્ષના નિવેદનમાં આ ફોરવ્હીલ ગાડીનું ચોક્કસ વર્ણન કે નંબર લખાવેલ નથી. આ ગાડી કોની માલિકીની હતી તે તેમને ખબર નથી. કઇ ફોરવ્હીલમાં કયા કયા પોલીસ કર્મચારી બેસેલા હતા તે હાલ તેઓ કહી શકે નહીં. પંચો કોની સાથે બેઠેલા તે હાલ તેમને યાદ નથી. જે જગ્યાએ બાતમી મળી હતી તે સ્થળથી આરોપીને પકડેલ તે સ્થળ વચ્ચે આશરે ૨ કિલોમીટર જેટલું અંતર હતું. બાતમીવાળા સ્થળે આરોપીઓ કેટલા વાગે આવવાના છે તે અંગેનો ચોક્કસ સમય જણાવેલ ન હતો. બાતમીવાળા સ્થળે ૦૭–૦૦ વાગ્યાની આસપાસ પહોંચેલા. બાતમીવાળા સ્થળે પહોંચ્યા બાદ ૧૫ થી ૨૦ મિનિટ પછી આરોપીઓને જોયેલા. બાતમીવાળું સ્થળ એ જાહેર રોડ છે અને લોકોની સતત અવરજવર રહેતી હોય છે. આ રોડની વચ્ચેના ભાગે

ડીવાઈડર આવેલ છે. આરોપીઓ કઈ તરફના રોડ પરથી પસાર થવાના છે, તેવું સ્પષ્ટ બાતમીમાં જણાવેલ નથી. કૈલાશનગર ચોકડી પાસે પંચો તથા પોલીસની અરસપરસ અંગઝડતી કરેલ ન હતી. પેટ્રોલીંગમાં તેઓ નીકળેલ ત્યારે તેમની સાથે કયા કયા સાધનો હતા તેની હકીકત નિવેદનમાં લખાવેલ નથી. જે મુદ્દામાલ સોનાની ચેઈન હતો તે અલગ–અલગ ૧૩ ડબ્બામાં પેક કરવામાં આવેલો. આ ડબ્બાઓ કોણ લાવેલા તે હાલ તેમને યાદ નથી. સ્થળ પર પહોંચ્યા બાદ સોનીને જયેશભાઈએ ફોન કરી સ્થળ પર બોલાવેલા. એ વાતથી તેઓ માહિતગાર છે કે, ગણેશ વાઘ સાથે ખટોદરા પો.સ્ટે.ના માણસો સાથે અણબનાવ બનેલો. આ અણબનાવ તા. ૩/૨/૨૨ ના રોજ બનેલો. આ અણબનાવની જાણ સુરતમાં તમામ પોલીસ સ્ટેશનમાં થઈ ગઈ હતી. આ ગણેશ વાઘ અને તેના મિત્રોને શોધવા માટે પોલીસે તમામ પ્રયત્નો શરૂ કરી દીધેલા. સવાલ–મુદ્દામાલની રીકવરીનું જે પંચનામું કરેલ તે અંગેના તમામ ગુનાઓ અનડીટેકટ હતા? બચાવપક્ષ તરફથી ઉપરોકત જે સવાલ પૂછવામાં આવેલ છે તે હાલના સાહેદ પૂરતો રીલેવન્ટ ન હોય કારણ કે, હાલના સાહેદને આક્ષેપિત ગુના અન્વયેની બાતમી મળી હતી તેઓ આ ગુનાના ત.ક.અ. ન હોય જેથી બચાવપક્ષનો ઉપરોકત સવાલ નામંજૂર કરવામાં આવે છે. સોની સ્થળ પર ૦૮–૩૦ કલાકે આવેલા. સોની આવેલ તે પહેલાં તમામ મુદ્દામાલ અલગ–અલગ ડબ્બાઓમાં મૂકીને પેક કરી દીધેલ હતો. આ ડબ્બાઓની સાઈઝ હાલ તેમને ચોકકસ રીતે યાદ નથી. સોની આવ્યા બાદ તેઓ સ્થળ પર એક થી દોઢ કલાક જેટલો સમય રોકાયેલ હતો. એવું બનેલ નહીં કે, સોનાની મળેલી તમામ ચેઈનો બે ડબ્બામાં મૂકી

પેક કરેલી હોય. તે હકીકતથી તેઓ માહિતગાર છે કે, પોલીસ સમક્ષના નિવેદનમાં સાહેદે સહી કરવાની હોતી નથી. સદર સાહેદની આરોપી નં.૩ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૮) આ કામે ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૭ તરીકે ફરિયાદીની ફરિયાદ લેનાર/સ્ટેશન ડાયરીમાં નોંધ કરનાર પોલીસ સાહેદ–ASI ધીરજભાઈ જેરામભાઈ પટેલને આંક–૪૧ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૨૨ માં તેઓ જહાંગીરપુરા પો.સ્ટે.માં એ.એસ.આઇ. તરીકે તેમની ફરજ બજાવતા હતા. આ સમય દરમ્યાન તા.૦૭/૦૨/૨૨ ના રોજ તેઓ ઉમરા પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકે તેમની ફરજ પર હાજર હતા ત્યારે સદર કામના ફરિયાદી તેમના પો.સ્ટે.માં તેમની સામે આવી પોતાની ગળામાં પહેરેલ સોનાની ચેઈન અજાણ્યા ઈસમો ઝૂંટવીને લઇ ગયેલ હોય તે બાબતની વિગતવારની ફરિયાદ હકીકત લખાવતા તેમણે તેઓના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલ અને તેમાંની હકીકતો સાચી હોવાનું ફરિયાદી કબૂલ રાખતા હોય તે ફરિયાદમાં તેઓની તેમના રૂબરૂ સહી લીધેલી અને રૂબરૂ તરીકે તેમણે સહી કરેલી બાદ સદર ફરિયાદ બાબતે જહાંગીરપુરા પો.સ્ટે. પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૧૦૦૦૭૨૨૦૦૭૩/૨૨ થી ઇ.પી.કો. ક.૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ પી.આઇ.શ્રી એ.એચ.રાજપુતનાઓ તરફ મોકલી આપેલ. વધુમાં સદર સાહેદ આંક–૧૫ વાળી અસલ ફરિયાદ જોઈને તેમાં ફરિયાદ લેનાર તરીકે અને ગુનો દાખલ કરનાર તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી

બતાવે છે તેમજ સદર ગુનાની નોંધ જે સ્ટે.ડા.માં કરેલ તેના ઉતારાની પ્રમાણિત નકલ આ કામે આંક–૪૨ થી રજૂ છે.

સદર સાહેદની આરોપી નં.૨ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતો બનાવ બન્યા બાદ ચાર દિવસ પછી ફરિયાદી ફરિયાદ લખાવવા આવેલા. ફરિયાદ લઈ ગુનો દાખલ કરવા સિવાય અન્ય કોઈ કામગીરી આ ગુનાના કામે તેમણે કરેલ નથી. ફરિયાદ અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ છે. આરોપી નં.૩ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૯) આ કામે ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૨ તરીકે ત.ક.અમલદાર–અ.હે.કો. યશપાલસિંહ મુળુભા રાઠોડને આંક–૫૮ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૨૨ માં તેઓ જહાંગીરપુરા પો.સ્ટે.માં અ.હે.કો. તરીકે તેમની ફરજ બજાવતા હતા. તા–૭/૨/૨૨ નારોજ ગુ.ર.નં.પાર્ટ–એ–૧૧૨૧૦૦૦૭૨૨૦૦૭૩/૨૨ થી ઇ.પી.કો.ક.૩૭૯(એ)૩, ૧૧૪ મુજબ ગુનો નોંધવામાં આવેલો, જેની તપાસ પી.આઇ. એ.એચ.રાજપુતનાઓ કરતા હતા અને સદર કામના ફરિયાદી ગુનાવાળી જગ્યા બતાવતા હોય તે મુજબ પંચનામું કરવા બાબતે તેમને પી.આઇ.શ્રીએ સૂચના આપેલી, જે મુજબ બે તટસ્થ પંચોને હાજર રાખી ફરિયાદીના બતાવ્યા મુજબનું ગુનાવાળી જગ્યા કે જે જહાંગીરપુરા, કેનાલ રોડ, ગ્રીનઓરીયન રેસીડન્સીના ગેટ પાસે આવેલ તે જગ્યાનું પંચનામું કરી લઇ તપાસના

કાગળો સાથે સામેલ રાખેલ. સદર સાહેદે આંક–૧૨ થી રજૂ ગુનાવાળી જગ્યાનું પંચનામું જોઈને તેમાં બે પંચોની તેમના રૂબરૂની સહી અને રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે. બાદ આ કામના ફરિયાદીના પતિ અને સાહેદના નિવેદનો લઈ તપાસના કામે સામેલ રાખેલ.

સદર સાહેદની આરોપી નં.૨ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સદર પંચનામું કરવા બાબતે તેમને કોઇ લેખિત હુકમ પી.આઇ.શ્રીએ કરેલ નથી. ફરિયાદીએ જે જગ્યા બતાવેલી તે જગ્યાનું વર્ણન લખી લીધેલું. બનાવ બાબતે તેમને કોઇ જાતમાહિતી નથી. આ પંચનામા દરમ્યાન કોઇ સીસીટીવી ફૂટેજ કબજે લીધેલ નથી. ત.ક.અ.એ તેમનું કોઇ નિવેદન લીધેલ નથી. અન્ય સજેશનોનો ઈન્કાર કરેલ છે. આરોપી નં.૩ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

**(૨૦)** આ કામે ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૩ તરીકે ત.ક.અમલદાર/ચાર્જશીટ કરનાર પોલીસ સાહેદ–**PSI** રશ્મીતાબા વિજયસિંહ ચુડાસમાને આંક–૫૯ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૨૨ માં તેઓ જહાંગીરપુરા પો.સ્ટે.માં પી.એસ.આઇ. તરીકે તેમની ફરજ બજાવતા હતા. આ સમય દરમ્યાન તા. ૭/૨/૨૨ ના રોજ ગુ.ર.નં.પાર્ટ–એ ૧૧૨૧૦૦૦૭૨૨૦૦૭૩/૨૨ થી ઈ.પી.કો.ક.૩૭૯(એ)૩,૧૧૪ મુજબ ગુનો નોંધવામાં આવેલો, જેની તપાસ પી.આઇ.એ.એચ.રાજપુતનાઓ

કરતા હતા. ત્યારબાદ પી.આઇ.સાહેબે કેટલીક તપાસ કર્યા બાદ આગળની તપાસ તેમને સોંપેલી. ત્યારે અગાઉની તપાસના કાગળોથી વાકેફ થઇ તેમણે તપાસ સંભાળી લીધેલી. બાદ સદર ગુનાના કામે સંડોવાયેલ આરોપીઓની ડી.સી.બી. પો.સ્ટે. સુરતના પો.સ.ઈ. દ્વારા મુદ્દામાલ સાથે અટક કરવામાં આવેલ હોય તે આરોપીઓનો કાયદેસર કાર્યવાહી કરી કબજો લીધેલ અને તટસ્થ પંચોની હાજરીમાં તે આરોપીઓની પંચનામાની વિગતે અટક કરેલ. બે તટસ્થ પંચોની હાજરીમાં ફરિયાદીની સોનાની ચેઇનની ઓળખ કરાવતું પંચનામું કરી લઇ તપાસના કામે સામેલ રાખેલ. બાદ આરોપીઓને ના.કોર્ટમાં રજૂ કરી જયુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપેલ. બાદ પકડાયેલ આરોપીઓ ગણેશ ઉર્ફે ગણીયો વાઘ તથા વિજય ડાહ્યાભાઈ કાંગરીવાલાનાઓ વિરુદ્ધ ચાર્જશીટ કરવા જેટલા પૂરતા પુરાવાઓ હોય નિયત સમયમાં ના.કોર્ટમાં તેઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરેલું. ત્યારબાદ સદર ગુનાના કામનો બીજો આરોપી અક્ષય સુરેશભાઇ શીંદે ડી.સી.બી. પોલીસ સ્ટેશન, સુરતનાઓ દ્વારા પકડવામાં આવેલ હોય તેનો કબજો મેળવી તેની સદર ગુનાના કામે અટક કરી તેના વિરુદ્ધ ચાર્જશીટ કરવા જેટલા પૂરતા પુરાવાઓ હોય નિયત સમયમાં ના.કોર્ટમાં તેના વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરેલું. વધુમાં સદર સાહેદે આંક–૧૫ થી રજૂ અસલ ફરિયાદ જોઈને તેના કામે તેમણે તપાસ કરી ચાર્જશીટ કરેલ હોવાનું જણાવી ઓળખી બતાવે છે તેમજ આંક–૨૯ થી રજૂ ડી.સી.બી. પો.સ્ટે.એ કરેલ પંચનામું જોઈને સદર સાહેદ ઓળખી બતાવે છે તેમજ આંક–૩૩ થી રજૂ મુદ્દામાલ ઓળખ તથા કબજે કર્યાનું પંચનામું જોઈને તેમાં બે પંચોની તેમના રૂબરૂની સહી અને રૂબરૂ તરીકે

તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે તેમજ આંક–૬૦ થી રજૂ આરોપીઓનું અટક પંચનામું જોઈને તેમાં બે પંચોની તેમના રૂબરૂની સહી રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે તેમજ આંક–૬૧ થી ટેલિફોન વર્ધીનો ઉતારો રજૂ કરેલ છે. તેમની તપાસ દરમ્યાન અટક કરેલ આરોપીઓને જોઈને આરોપીઓ પૈકી વિજય કાંગરીવાલાને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

સદર સાહેદની આરોપી નં.૩ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદનો અભ્યાસ કર્યા બાદ તપાસની કામગીરી કરેલી. અન્ય સજેશનોનો ઈન્કાર કરેલ છે.

**(૨૧)** આ કામે ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૦ તરીકે આરોપી–અક્ષય સુરેશ શિંદેને બાતમી આધારે પકડનાર પોલીસ સાહેદ–PSI નરેશભાઈ બાલુભાઈ ચૌહાણને આંક–૫૫ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૨૨ માં તેઓ ડી.સી.બી. પો.સ્ટે.માં એ.એસ.આઇ. તરીકે તેમની ફરજ બજાવતા હતા. આ સમય દરમ્યાન સુરત શહેરના આશરે ૧૬ જેટલા સ્નેચીંગના ગુનાઓમાં વોન્ટેડ આરોપી અક્ષય સુરેશભાઈ શીંદે નામનો ઈસમ મહારાષ્ટ્ર નંદરબાર ખાતે તેના મિત્રને ત્યાં રોકાવાનો છે તેવી પાકી બાતમી તેમને તથા હે.કો.મનોજ તુકારામનાઓને તેમના અંગત વિશ્વાસુ બાતમીદાર મારફતે મળેલી. જે મુજબ આરોપીને પકડી પાડવા ડી.સી.બી. પો.સ્ટે.ના પો.સ.ઈ.પી.એન.પઢીયારનાઓએ અન્ય પોલીસ માણસોની ટીમ બનાવી

તેમની સાથે તે ટીમનું નંદરબાર ખાતે રવાના કરેલા અને નંદરબાર ખાતે બાતમી મુજબની જગ્યાએથી આરોપીને પકડી પાડી તા.૧૮/૪/૨૨ ના રોજ ડી.સી.બી. પો.સ્ટે., સુરત લઇ આવી બે પંચોની હાજરીમાં આરોપીની અટક પો.સ.ઈ. પી.એન.પઢીયારનાઓએ કરેલી. પી.એન.પઢીયારનાઓ એ આ કામગીરી બાબતે તેમનું નિવેદન લીધેલું. સદર સાહેદની આરોપી નં.૨ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

સદર સાહેદની આરોપી નં.૩ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાતમી અંગેની કોઇ લેખિત નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ ન હતી. તેમના નિવેદનમાં બાતમી મુજબ આરોપી પકડવા ગયા ત્યારે કયા વાહનમાં ગયા તેનો રજીસ્ટ્રેશન નંબર, તે વાહન ખાનગી હતુ કે સરકારી તે અંગેની કોઇ વિગત જણાવેલ નથી. આરોપીને જયારે પકડવામાં આવેલ તે સમયે તેના કબજામાંથી કોઇ મુદ્દામાલ મળી આવેલ નથી.

**(૨૨)** આ કામે ફરિયાદ પક્ષ તરફથી સાહેદ નં.૧૧ તરીકે આરોપી–અક્ષય સુરેશ શિંદેને બાતમી આધારે પકડનાર પોલીસ સાહેદ–PSI પ્રવિણસિંહ નારસિંહ પઢીયારને આંક–૫૬ થી તપાસવામાં આવેલા છે, તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૨૨ માં તેઓ ડી.સી.બી. પો.સ્ટે.માં પી.એસ.આઇ. તરીકે તેમની ફરજ બજાવતા હતા. આ સમય દરમ્યાન ડી.સી.બી. પો.સ્ટે.ના તેમના તાબા હેઠળના એ.એસ.આઇ. નરેશભાઇ તથા હે.કો.મનોજભાઇનાઓને ખાનગી રાહે બાતમી મળેલ કે, સુરત શહેરના આશરે ૧૬ જેટલા સ્નેચીંગના ગુનાઓમાં

વોન્ટેડ આરોપી અક્ષય સુરેશભાઈ શીંદે નામનો ઇસમ મહારાષ્ટ્ર નંદરબાર ખાતે તેના મિત્રને ત્યાં રોકાવાનો છે. જે હકીકત તેઓએ તેમના રૂબરૂ જાહેર કરેલ. બાદ તેમણે સદર બાતમી મુજબના વોન્ટેડ આરોપી અક્ષય સુરેશ શીંદેનાઓને મહારાષ્ટ્ર મુકામેથી પકડી લાવવા માટે તેમના તાબા હેઠળના એ.એસ.આઇ. નરેશભાઇ, હે.કો. મનોજભાઇ, એ.એસ.આઇ. શૈલેષભાઇ વગેરેને ટીમ બનાવી નંદુરબાર ખાતે રવાના કરેલા અને નંદુરબાર ખાતે બાતમી મુજબની જગ્યાએથી આરોપીને પકડી પાડી તા.૧૮/૪/૨૨ ના રોજ ડી.સી.બી. પો.સ્ટે. સુરત લઇ આવી તેમની રૂબરૂ હાજર કરેલ. બાદ તેમણે બે પંચોની હાજરીમાં આરોપીની અટક પંચનામાની વિગતે કરેલી તેમજ ઉપરોકત ટીમના પોલીસ કર્મચારીઓના નિવેદન લીધેલ. સદર સાહેદની આરોપી નં.૨ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ નથી.

સદર સાહેદની આરોપી નં.૩ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે, તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બાતમી અંગેની કોઇ લેખિત નોંધ સ્ટેશન ડાયરીમાં કરેલ ન હતી. તેમના રૂબરૂના નિવેદનમાં બાતમી મુજબ આરોપી પકડવા ગયા ત્યારે કયા વાહનમાં ગયા તેનો રજિસ્ટ્રેશન નંબર, તે વાહન ખાનગી હતુ કે સરકારી તે અંગેની કોઇ વિગત જણાવેલ નથી. આરોપીને જયારે અંગઝડતી કરવામાં આવેલ તે સમયે તેના કબજામાંથી કોઇ મુદ્દામાલ મળી આવેલ નથી. જે ટીમ મહારાષ્ટ્ર મુકામે ગયેલ હતી તે પોલીસ ટીમે નંદુરબાર પોલીસને કોઇ પણ પ્રકારની જાણ કરેલ હોય તેવા કોઇ દસ્તાવેજ તેમની સમક્ષ રજૂ કરેલ ન હતા.

**<u>ફરિયાદ પક્ષના પુરાવાનું મૂલ્યાંકનઃ –</u>**

**(૨૩)** આ કેસમાં ફરિયાદી–અર્ચનાબેન તે નિપુણ રાકેશભાઈ રાજપુતની પત્નીએ આંક–૧૪ થી ઉપર મુજબનો પુરાવો આપેલ છે. આ ફરિયાદીના ઉપરોક્ત વિગતવારના પુરાવાનું મૂલ્યાંકન કરતાં તેઓએ બનાવની તારીખ તથા બનાવ સમયે તેઓએ જે સોનાનો ચેઈન પહેરેલ હતો તેની સ્પષ્ટ હકીકતો તેમના પુરાવામાં જણાવેલ છે તેમજ આરોપી જે પલ્સર ગાડીમાં આવેલ તે લાલ તથા કાળા કલરની હોવાની અને આરોપી ૨૦ થી ૨૫ વર્ષની વયના હોવાનું જણાવેલ તથા તેઓ આ ચેઈન તોડીને ભાગેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાવેલ છે. એટલું જ નહીં પરંતુ મુદ્દામાલ આર્ટિકલ નં.૧ વાળી સોનાની તુલસીની માળા તેઓને બતાવતાં બનાવના દિવસે જે સ્નેચીંગ થયેલ તે જ હોવાનું તેઓએ ઓળખી બતાવેલ છે. એટલું જ નહીં પરંતુ તેઓએ આ કેસના આરોપી અક્ષય સુરેશ શિંદે તથા ગણેશ રવિન્દ્ર વાઘને સ્પષ્ટ રીતે ઓળખી બતાવેલ છે. આ કેસમાં ફરિયાદીનો સોનાનો મુદ્દામાલ વાળો ચેઈન જેની ચીલઝડપ થયેલ તે આરોપીઓના કબજામાંથી મળી આવેલ છે. આ સંજોગોમાં આરોપીઓએ આ સોનાનો ચેઈન તેમના કબજામાંથી કેવી રીતે મળી આવેલ તેનો ખુલાસો કરવો જરૂરી છે. આ કેસનું સમગ્ર રેકર્ડ તથા આરોપીઓનો ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ ખુલાસો જોતાં તેમાં તેઓએ આ ચેઈન તેમના કબજામાંથી કેવી રીતે મળી આવેલ તે અંગે કોઈ પણ જાતનો ખુલાસો કરેલો નથી. આ સંજોગોમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(એ) મુજબ આરોપીઓ વિરુદ્ધ અનુમાન કરવામાં આવે છે.

વધુમાં, આરોપી પક્ષ તરફથી આ મુદ્દામાલ તેમના કબજામાંથી મળી આવેલ તે અંગે કોઈ પણ જાતનો ખુલાસો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ ના નિવેદનમાં કરેલો નથી. આ સંજોગોમાં **આરોપીઓ વિરુદ્ધ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૧૪(૧)**માં કેટલીક હકીકતોનું અસ્તીત્વ અદાલત માની લઈ શકે તે અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. આ કલમના ઉદાહરણ (ક) મુજબ, ન્યાયાલય માની લઈ શકશે કે:–

> '' ચોરી થયા પછી તરત જ ચોરીનો માલ જેના કબજામાં હોય તે માણસ કાં તો ચોર છે અથવા તો ચોરીનો માલ છે એવું જાણવા છતાં તેણે તે માલ લીધો છે, સિવાય કે તે માલના કબજા વીશે તે સંતોષકારક ખુલાસો કરી શકે.''

ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૪(૧) ઉદાહરણ (એ) મુજબ હાલના કેસમાં આરોપીપક્ષ તરફથી મુદામાલ આર્ટીકલ્સ તેમના કબજામાંથી મળેલા આ અંગે કોઈપણ જાતનો ખુલાસો કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૪(૧) ઉદાહરણ (એ) મુજબ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેંચના **State of Gujarat Versus Luhar Mahendra Harjivan (1999 (2) GLR 1086 વાળા ચુકાદાના પેરા ૨૪.૧ થી ૨૪.૩માં ઠરાવ્યા મુજબ** આરોપીઓ વિરૂધ્ધ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૪(૧)(એ) મુજબ એડવર્સ ઈનફરન્સ ડ્રો કરવામાં આવે છે, કે હાલના કેસના આરોપીઓ પાસેથી મુદામાલનો મળી આવેલ ચેનવાળી વ્યકિત ચોર છે.

આ ઉપરાંત નામદાર **ગુજરાત હાઈકોર્ટે ભરતભાઈ મેઘજીભાઈ કોળી વિ. ગુજરાત રાજ્ય (૨૦૨૦ (૩) જીએલઆર પાના ૧૭૨૭**ના ચુકાદાના પેરા ૩૯માં એવું ઠરાવેલ છે કે,

thus, the principles discernible from the various decisions referred to above are that it is a cardinal principle of criminal jurisprudence that the initial burden to establish the case against the accused beyond reasonable doubt rests on the prosecution. It is also an elementary principle of law that the prosecution has to prove its case on its own legs and cannot derive advantage or benefit from the weakness of the defence. In a case which is otherwise based on direct evidence but for the witnesses turning hostile and the prosecution left only with circumstantial evidence, then in such circumstances, the prosecution is required to establish the continuity in the links of the chain of circumstances so as to lead to the only and inescapable conclusion of the accused being the assailant, inconsistent or incompatible with the possibility of any other hypothesis compatible with the innocence of the accused.

**(૨૪)** કાયદાનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે , કોઈ પણ હકીકત પુરવાર કરવા ફરીયાદપક્ષે કોઈ સીધો એટલે કે ડાયરેકટ પુરાવો રજુ કરવો દરેક કેસ માં જરૂરી નથી પરંતુ, કેટલાક કેસમાં સાંયોગીક પુરાવો પણ કોઈ પણ હકીકતને પુરવાર કરવા રજુ કરી શકે છે જે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતે **સ્ટેટ ઓફ રાજસ્થાન વિ. રાજારામ (૨૦૦૩(૮) એસ.સી.સી. પાન નં. ૧૮૦)** ના ચુકાદાના પેરા નં.૮ માં એમ ઠરાવેલ છે કે ,

" Before analysing the factual aspects it may be stated that for a crime to be proved it is not necessary that the crime must be seen to have been committed and must, in all circumstances be proved by direct ocular evidence by examining before the court

those persons who had seen its commission. The offence can be proved by circumstantial evidence also. The principal fact or factum probandum may be proved indirectly by means of certain inferences drawn from factum probans, that is, the evidentiary facts. To put it differently, circumstantial evidence is not direct to the point in issue but consists of evidence of various other facts which are so closely associated with the fact in issue that taken together they form a chain of circumstances from which the existence of the principal fact can be legally inferred or presumed."

નામદાર સર્વોચ્ચ અદાલતે **ગુણામથો વિ. સ્ટેટ ઓફ ઝારખંડ** (૨૦૨૩) ૬ એસ.સી.સી. પાન નં. ૮૧૭ ના ચુકાદામાં એમ ઠરાવેલ છે કે ,

It is a settled principle of criminal jurisprudence that in a case revolving around circumstantial evidence, the prosecution must prove the guilt of the accused beyond reasonable doubt and the circumstances relied upon must point out only towards one hypothesis, that is, the guilt of the accused alone and none else. On various occasions, this Court has stated essential conditions that must be fulfilled before conviction of an accused can take place based on circumstantial evidence.

The courts below presumptively, proceeded with the acquired assumption of the guilt of the accused for the reason that he was lastly seen with the deceased, and lodged a false report, forgetting that as per the version of the father of the deceased, father of the accused had himself apprised him of his missing daughter, at least two days prior to the incident. Doubt and suspicion cannot form basis of guilt of the accused. The circumstances linking the accused to the crime are not proven at all, much less beyond reasonable doubt.

આમ હાલના કામે બનાવના થોડા સમય પછી જ મુદામાલની રીકવરી આરોપીઓના કબજામાંથી કરવામાં આવેલ છે, આ સંજોગોમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૪(૧)ના ઉદાહરણ (એ) મુજબ બનાવના થોડા દિવસો બાદ મુદામાલની રીકવરી આરોપીઓ પાસેથી કરવામાં આવેલ હોય, તે સંજોગોમાં આ હકીકતને ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૪(૧)ના ઉદાહરણ (એ) મુજબ જે અનુમાન અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ મુદ્ધામાલની ચોરી થયાના તુરત જ બાદ (soon after) ગણી શકાય. વધુમાં હાલના કામે પોતાના કલમ–૩૧૩ હે ઠળના વિશેષ નિવેદનમાં કે તપાસેલ સાહેદોની જુબાની જોતા એવો કોઇ વ્યાજબી ખુલાસો કરી શકેલ નથી કે સદર રીકવર કરવામાં આવેલ મુદ્ધામાલ તેઓ પાસે કેવી રીતે આવેલા. જેથી સદર હકીકત પણ હાલના કામે **બિરધીચંદ શારદા વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૧૯૮૪(૪) એસ.સી.સી. પાન નં. ૧૧૬**ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ સાંયોગિક પુરાવાની એક કડી ગણી શકાય. આમ, હાલના આરોપીઓ દ્ધારા ઉપરોક્ત ફરિયાદીના ઉપરોક્ત જણાવેલા મુદ્ધામાલની ચીલઝડપ કરી, ઝૂંટવી લઈ, ચોરી કરેલ હોય તે હકીકત ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ નિઃશંકપણે સાબિત કરી શકેલી છે.

**(૨૫)** આ કેસનું રેકર્ડ વંચાણે લેતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ કેસના ફરીયાદીને બનાવ સમયે આરોપીને ઓળખવાની પુરતી તક મળેલ હતી તે મુજબ તેઓએ આરોપીને જોયેલ હતા એટલું જ નહી પરંતું તેઓએ આ અદાલત સમક્ષના પુરાવામાં આરોપીઓને ઓળખતા હોવાનું

જણાવી સાચી રીતે તેમના પુરાવા દરમ્યાન ઓળખી બતાવેલ છે. કોર્ટ સમક્ષના પુરાવાને કાયદા મુજબ સ્બસ્ટેનટીવ (Substantive) પુરાવો ગણવામાં આવે છે જયારે ઓળખપરેડને સર્મથનકારક (Corroborative) પુરાવો ગણાય છે. તેથી તપાસ કરનાર અધિકારીએ તપાસ દરમ્યાન ખામી રાખી ઓળખપરેડ ન થયેલ હોય તેટલા માત્રથી ફરીયાદપક્ષનો કેસ નબળો પડી શકે નહી આ અદાલતના આ તારણને તાજેતરના નામદાર સુપ્રિમ કોર્ટના **Harjindra Singh & others Vs State of U.P. (2026 (0) AIJEL-SC 77090)**ના ચુકાદાથી તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેંચના **State of Gujarat Versus Luhar Mahendra Harjivan (1999 (2) GLR 1086, Note "C" વાળા ચુકાદાથી સર્મથન મળે છે, કાયદા મુજબ** તપાસની ખામીનો લાભ આરોપીને કાયદા મુજબ આપી શકાય નહી અને તેના કારણે ફરીયાદપક્ષનો સમગ્ર કેસ શંકાના દાયરામાં આવી શકે નહી. મારા ઉપરોકત તારણને **C.Muiappan Vs State of TN (2010 (6) SCJ 822 તથા Acharaparambath Pradeepan Vs State of Karnataka (2006 (0) AIJEL-SC 38423)** ના ચુકાદાથી સર્મથન મળે છે. **વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટે સ્ટેટ ઓફ એમ.પી. વિ. માનસીંગ ૨૦૦૩(૩) ક્રાઈમ્સ (સુપ્રીમ કોર્ટ )૩૮૦માં** ઠરાવ્યા મુજબ જો તપાસમાં કોઈપણ પ્રકારની ખામી તપાસ કરનાર અધિકારી એ રાખેલ હોય તો તેવા કારણોસર આરોપીને તપાસની ખામીનો લાભ મળી શકે નહી. વધુમાં આ તપાસ કરનાર અધિકારીએ ઓળખપરેડની કાર્યવાહી કરેલ ન હોવા માત્રથી સમગ્ર કાર્યવાહી દુષીત બની જતી નથી અને આવા કારણોસર આવા ગંભીર ગુનાના આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવામાં આવે તો ન્યાયનો હેતુ

મારર્યો જાય તેમ જણાય છે અને જો તપાસમાં કોઈ ખામી રહેલ હોય તો તેનાથી આવા ગંભીર પ્રકારના ગુનામાં ફરીયાદીના હકકોને નુકશાન ન થવા દેવું જોઈએ.

(૨૬) આ કેસમાં મુદ્દામાલની રીકવરીના પંચ વસીમ આદમ શેખનો પુરાવો આંક– ૨૮થી ઉપર મુજબ નોંધાયેલ છે. જે પુરાવાનું મૂલ્યાંકન કરતાં તેઓ તથા તેમની સાથે બીજા પંચ પિયુષ રતિલાલ હાજર હતા અને તેઓને પોલીસે જે બાતમી હકીકત જણાવેલી તે હકીકત તેમના પુરાવામાં રેકર્ડ ઉપર આવેલ છે અને ત્યારબાદ તેઓ બાતમીવાળા સ્થળે પોલીસની સાથે અલગ–અલગ ઉભા હતા તે સમયે આરોપી–ગણેશ વાઘ તથા વિજય રાણા ત્યાં આવેલા અને તેમની અંગજડતી દરમ્યાન ગણેશ વાઘ પાસેથી એક રેમ્બો છરો કાળા કલરના કવરમાં તથા આઠ ચેઈન મળી આવેલ તથા આરોપી–વિજય પાસેથી પાંચ ચેઈન મળી આવેલ અને તે સમયે સોનીને સ્થળ ઉપર બોલાવેલ અને તેઓએ ચેક કરી, તે સોનાના ચેઈન હોવાનું જણાવેલ અને તે અંગેનું રીકવરી પંચનામું તેમની હાજરીમાં પોલીસે કરેલું તે અંગેની હકીકતોને પણ સંપૂર્ણ રીતે સમર્થન આપેલ છે. વધુમાં, આ પંચ સાહેદે આરોપી–વિજય ડાહ્યાભાઈ કાંગરીવાળા તથા ગણેશ ઉર્ફે ગણીયો રવિન્દ્ર વાઘને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે તેમજ આરોપી નં.૩ તરફે આરોપીની ઓળખની તકરાર જતી કરતી પુરસીસ રજૂ રાખેલ છે. આ પંચના પુરાવા દરમ્યાન અમુક વિરોધાભાસ રેકર્ડ ઉપર આવેલા છે. પરંતુ આ વિરોધાભાસ સામાન્ય તથા છુલ્લક પ્રકારના જણાય છે. વધુમાં આ વિરોધાભાષ તે તમામ નિર્દોષ પ્રકારની અને અગવણી

શકાય તેવા પ્રકારની અને તેવા કારણોસર ફરીયાદપક્ષનો સમગ્ર કેસ શંકાસ્પદ હોવાનું કહી શકાય નહી. નામદાર સુપ્રીમ કોર્ટે ''**Bhagwan Jagannath Markad & Others Vs State of Maharashtra**" (૨૦૧૬ (૧૦) એસસીસી ૫૩૭)ના ચુકાદામાં પેરા ૧૮ થી ૨૦માં ક્રિમીનલ ટ્રાયલમાં પુરાવાના મુલ્યાંકનના સિધ્ધાંતો ઠરાવેલા છે. નામદાર ના. સુપ્રીમ કોર્ટે વિરોધાભાષ કે વિસંગતતાઓ અંગે એવું ઠરાવેલ છે કે, જે વિસંગતતાઓ/ વિરોધાભાષ કેસના હાર્દને સ્પર્શતી ન હોય તો તેના કારણોસર ફરીયાદપક્ષનો સમગ્ર કેસ ફેંકી ન દઈ શકાય. ફોજદારી ટ્રાયલનો સામાન્ય હેતુ–ઉદ્દેશ માત્ર એટલું જ જોવાનો નથી કે કોઈ નિર્દોષને સજા ન થાય પરંતુ, એ પણ જોવાનું છે કે, **કોઈ ગુનેગાર વ્યકિત સજા વિના છટકી ન જાય. એક ખોટું એટલે બધામાં ખોટુ"(Falsus in Uno, falsus in Omnibus)તે સિદ્ધાંત માત્ર સાવચેતી અને સતર્કતા(Rule oF Caution)નો નિયમ છે** પણ જ્યારે રેકર્ડ ઉપર આવેલ પુરાવો તદ્દન બિનભરોસાપાત્ર હોય અને સત્ય અને અસત્ય એકબીજા સાથે એટલી હદે ભળી ગયા હોય કે તેમાંથી સત્યને જુદુ તારવવુ અશક્ય બને ત્યારે તેવા પુરાવા ઉપર આધારિત સજા કરી શકાય નહીં. ફરીયાદપક્ષના રજુ પુરાવામાં વિરોધાભાસ, અતિરેક, વિસંગતતા અગર અસંગતતા સામાન્ય રીતે જોવા મળતી હોય છે. આ પ્રકારની અસંગતતા વિરોધાભાસ, અતિરેક કે વિસંગતતા સમગ્ર રીતે ફરીયાદપક્ષના પુરાવાને કલુષિત, દુષિત અસર કરતી ન હોય તેવા સમયે વિસંગતતા, અતિરેક અવગણવી જોઈએ. સાક્ષી અદાલત સમક્ષ જયારે જુબાની આપવા આવે છે તે સમયે પોતાની વિશ્વસનિયતા પ્રસ્થાપિત કરવા અગર તો,

અદાલત તેને ખોટો ન માને, તેવા ભયના કારણસર, લાગણીનાં કારણે કે અન્ય કારણોસર કેટલીક હકીકતો, કથનો ઉમેરે અગર તો રજુ ન કરે તે અસંભવિત છે. તે હકીકત અદાલતે પુરાવાનાં મુલ્યાંકન સમયે લક્ષમાં લેવી જોઈએ. જયારે પુરાવો પુર્ણપણે રજુ ન થાય તેવા સમયે સ્વાભાવિક દલીલ થઈ શકે કે પુરાવો કૃત્રિમ છે, તે જ રીતે જયારે પુરાવો પુર્ણપણે ન હોય ત્યારે તેથી વિપરીત દલીલ થઈ શકે કે પુરાવો સંપુર્ણ નથી. પુર્ણતા અદાલત સમક્ષના પુરાવામાં સંભવી ન શકે. પુરાવાનાં મુલ્યાંકન માટે કોઈ સ્પષ્ટ વૈધાનિક કાનુની નિયમ નથી, પરંતુ અદાલતે જે તે કેસની હકીકત, સંજોગો, પુરાવો અનુલક્ષીને પુરાવાનું મુલ્યાંકન કરવાનું છે.

**(૨૭)** આ કેસમાં ફરિયાદ પક્ષના સાહેદ–કિરીટકુમાર અશોકભાઈ સાવલીયા, પી.આઈ. અમદાવાદ ગ્રામ્યનો પુરાવો આંક ૩૯થી તથા તે સમયે તેમની સાથે રહેલ અ.હે.કો. અસગરઅલી અનવરઅલી મન્સુરીનો પુરાવો આંક ૪૪થી ઉપરોક્ત વિગતેનો નોંધાયેલો છે. આ સાહેદોના પુરાવાઓ મુજબ આરોપીઓ પાસેથી મુદ્દામાલ–સોનાની ચેઈનો તથા રેમ્બો છરો મળી આવેલો તેમજ આરોપીઓને ઓળખી બતાવેલ છે. આરોપીઓ પાસેથી આ મુદ્દામાલ મળી આવેલ તે અંગે આરોપી પક્ષ કોઈ પણ જાતનો ખુલાસો કરી શકેલા નથી. બચાવ પક્ષે ઊલટ તપાસમાં આ સાહેદોના પુરાવાઓને અલગ–અલગ કારણોસર પડકારેલા છે, પરંતુ આ સાહેદો તેઓની સરતપાસની હકીકતોને સ્પષ્ટ રીતે વળગી રહેલા છે. આમ, આ સાહેદોનો પુરાવો ન માનવાને કોઈ કારણ જણાતું નથી.

(૨૮) આ કેસમાં બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ હિરેન કરશનભાઈ બરોડીયાનો પુરાવો આંક ૧૧થી ઉપરોકત વિગતેનો રેકર્ડ કરવામાં આવેલ છે. આ પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો આ પંચ સાહેદે તેમની સાથેના બીજા પંચની હકીકતો તથા બનાવવાળા સ્થળની હકીકતો તથા બનાવવાળી જગ્યા ફરીયાદી અર્ચનાબેન નિપૂણભાઈ બરોડીયાએ બતાવેલ હોવાની હકીકતો સ્પષ્ટ રીતે આ અદાલત સમક્ષના પુરાવામાં જણાવેલ છે અને આ પંચ સાહેદે આંક ૧૨વાળા બનાવવાળી જગ્યાના પંચનામાની તમામ હકીકતોને સ્પષ્ટ રીતે સર્મથન આપતો પુરાવો આપેલ છે. આ પંચ સાહેદના પુરાવામાંથી એવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી કે તેઓ બનાવના સ્થળે ગયેલા નથી અથવા તો ફરીયાદીએ ગુનાવાળી જગ્યા બતાવેલ નથી અથવા તો તેઓએ આરોપીઓ વિરૂધ્ધ ખોટો પુરાવો આપેલ છે.

(૨૯) આ કેસમાં ફરીયાદ લેનાર તથા ગુનો દાખલ કરનાર પીએસઓ ધીરજભાઈ જેરામભાઈ પટેલનો પુરાવો આંક ૪૧થી ઉપરોક્ત વિગતેનો નોંધાયેલ છે. આ સાહેદએ તેઓ સમક્ષની ફરિયાદ નોંધાવવા અંગેની તથા ગુનો દાખલ કરવા સંબંધેની હકીકતો તેમના પુરાવામાં જણાવેલ છે. આ સાહેદોનો પુરાવો ન માનવા કોઈ કારણ રેકર્ડ ઉપર જણાય આવતું નથી.

(૩૦) આ કેસમાં આરોપી–અક્ષય સુરેશભાઈ શિંદેને અટક કરેલ તે અંગેના પોલીસ સાહેદ–નરેશભાઈ બાલુભાઈ ચૌહાણનો પુરાવો આંક

–૫૫થી તથા અન્ય પોલીસ સાહેદ–પ્રવિણસિંહ નારસિંહ પઢિયારનો પુરાવો આંક–૫૬થી ઉપરોક્ત વિગતેનો રેકર્ડ ઉપર આવેલ છે અને આ સાહેદોએ હાલના આરોપીને મહારાષ્ટ્રના નંદુરબાર ખાતેથી પકડીને સુરત લાવેલ તે અંગેનો વિગતવારનો પુરાવો આપેલ છે. આ કેસ માં આંક ૫૮થી અંશત: તપાસ કરનાર એ.હે.કો. યશપાલસિંહ મુળુભા રાઠોડને તથા આંક ૫૯થી તપાસ તથા ચાર્જશીટ કરનાર રશ્મીતાબા વિજયસિંહ ચુડાસમાનો રેકર્ડ કરવામાં આવેલ છે. આ સાહેદએ પોતે કરેલી તપાસની તમામ હકીકતો જણાવેલ તથા આરોપીઓ અને મુદામાલનો કબજો સંભાળેલ અને પુરતો પુરાવો મળી આવતા આરોપીઓની વિરૂધ્ધમાં ચાર્જશીટ કરેલાની હકીકત તેઓના પુરાવામાંથી રેકર્ડ પર આવેલ છે તથા આ કેસના તમામ આરોપીઓને ઓળખતા હોવાની હકીકત જણાવેલ અને હાજર આરોપીને કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ. બચાવ પક્ષ આ સાહેદોની ઊલટ તપાસ દરમ્યાન આ સાહેદોને ખોટો પુરાવો આપવા કોઈ કારણ હોય તેવી કોઈ હકીકત લાવી શકેલા નથી. આ પોલીસ સાહેદો તથા આરોપીઓ વચ્ચે કોઈ દુશ્મનાવટ હોય તે કારણોસર તેઓને હાલની ફરિયાદ કરી ખોટી રીતે અટક કરી ખોટા કેસમાં ફસાવી દીધેલા હોય, તેવી હકીકત રેકર્ડ પર આવેલ નથી. વધુમાં, આ પોલીસ સાહેદોની કામગીરી ગુના સંબંધે તપાસ કરવાની તથા તેને આનુસંગીક કાર્ય કરવાની હતી તે અન્વયે તેઓએ સ્પષ્ટ પુરાવો આ અદાલત સમક્ષ આપેલ છે. આ પુરાવો ન માનવા માટે કોઈ કારણ હોય, તેવી હકીકત બચાવ પક્ષ રેકર્ડ પર લાવી શકેલા નથી. નામદાર ગુજરાત હાઈકોર્ટે **VAHAJI RAVAJI THAKORE VS STATE OF GUJARAT (2004(1) GLR 777ના** ચુકાદામાં

ઠરાવ્યા મુજબ **સાહેદનો પુરાવો સંપૂર્ણરીતે વાંચવો જોઈએ, બચાવપક્ષ દ્વારા સાહેદનો પુરાવો તૃટક તૃટક** (PIECEMEAL) **સ્વરૂપમાં વાંચી ને કોઈ લાભ ન લઈ શકે.** આરોપીપક્ષ સાહેદની જુબાનીમાંથી એક અથવા બે ભાગ વાંચીને કોર્ટ પાસે પુરાવાનું મુલ્યાંકન ન કરાવી શકે, પરંતું જે તે સાહેદનો રેકર્ડ પરનો સમગ્ર પુરાવો વંચાણે લેવો જોઈએ અને તેનું કાયદાકીય રીતે મુલ્યાંકન કરવું જોઈએ. આમ પંચ સાહેદો તથા પોલીસ સાહેદોનો આ અદાલત સમક્ષનો સમગ્ર પુરાવો વંચાણે લેતા તે માનવાલાયક અને વિશ્સજન્ય જણાય છે, તે ન માનવાનું કોઈ કારણ બચાવપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. નામદાર સુપ્રીમ કોર્ટે પોલીસ અધીકારીના પુરાવાનું શું મહત્વ છે તે અંગે આ **TAHIR V/S NCT OF DELHI (AIR 1996 SC 3079)** આ ચુકાદામાં એવો મહત્વપૂર્ણ કાયદાકીય સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે, “The evidence of police personnel corroborating and they gave clear and cogent version of occurrence, their evidence inspire confidence and there is no reason why they should falsely implicate accused. Conviction can be based solely on their evidence. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટના **SATHYAN VS STATE OF KERALA (2023 (13) SCC 767)** ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ સરકારી સાહેદોનો પુરાવો એવા કારણોસર ડિસકાર્ડ કરી શકાય નહી કે સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી. પોલીસ કર્મચારી/ અધિકારીઓનો પુરાવો વંચાણે લેતા તેઓએ તેમની કાયદાકીય ફરજના ભાગરૂપે જે જે કામગીરીઓ કરેલી તેના અનુસંધાને ઉપરોકત વિગતેનો પુરાવો રેકર્ડ પર આવેલ છે. ભારતીય પુરાવા

અધિનિયમની કલમ ૨૫ મુજબ ગુના સંબંધે આરોપીએ કોઈ કબુલાત કરેલ હોય તો તેવી કબુલાત ગ્રાહય નથી, આમ છતાં પોલીસ કર્મચારી /અધિકારીએ આરોપીને અટક કરેલ તે તથા તપાસ અન્વયે જે પુરાવો આપેલ હોય તે ગ્રાહય રહી શકે છે.પોલીસ કર્મચારી /અધિકારીના પુરાવામાં ફરીયાદ, પંચનામા તથા અન્ય દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા હોય કે રીફર થયેલા હોય તો તેવા દસ્તાવેજી પુરાવાઓને પોલીસ અધિકારીના પુરાવાથી સર્મથન મળતુ હોય તો તેવો દસ્તાવેજી પુરાવો પુરાવાઓમાં ગ્ર ાહ્ય રાખી શકાય છે, તેમાં કોઈ કાયદાકીય પ્રતિબંધ નડતો નથી. વધુમાં આ કેસનો બનાવ બન્યાની તારીખ તથા જે તે સાહેદોનો પુરાવો નોંધાયેલ તે તારીખ વચ્ચે ઘણો સમય પસાર થયેલાનું જણાય છે. આમ લાંબા સમય બાદ પુરાવો આપતા હોય ત્યારે સામાન્ય વિરોધાભાષ રેકર્ડ પર આવી શકે, પરંતું તેનાથી ફરીયાદપક્ષનો સમગ્ર કેશ શંકાના દાયરમાં ન આવી શકે. કોઈપણ સાહેદ એટલી તેજસ્વી યાદશકિત ધરાવી શકે નહી કે તેઓ બનાવ બાદ અદાલત સમક્ષ બનેલા બનાવ અન્વયે અક્ષરસ: પુરાવો આપી શકે. સાહેદના પુરાવામાં સામાન્ય વિસંગગતા, વિરોધાભાષ કે તફાવત આવતા હોય છે, પરંતું સામાન્ય વિરોધાભાષ કે વિસંગતતાના કારણે આવા સાહેદના પુરાવાનું પુરાવાજન્ય મૂલ્ય ઘટી જતુ નથી. વધુમાં અત્રે એ નોંધવું અસ્થાને નહી ગણાય કે સાહેદના પુરાવામાં સામાન્ય વિસંગગતા, વિરોધાભાષ કે તફાવત આવતા હોય છે, પરંતું સામાન્ય વિરોધાભાષ કે વિસંગતતાના કારણે આવા સાહેદના પુરાવાનું પુરાવાજન્ય મૂલ્ય ઘટી જતુ નથી. આ કામમાં સાહેદોના પુરાવામાં સામાન્ય પ્રકારના જે વિરોધાભાષ છે તેવા વિરોધાભાષને ખાસ મહત્વ આપવું જોઈએ નહી

તથા મહત્વના સાક્ષી ઉલટતપાસમાં કેસની મુખ્ય હકીકતોને વળગી રહેલ હોય ત્યારે સામાન્ય પ્રકારના વિરોધાભાષ કે વિસંગતતાઓને ખાસ મહત્વ આપવું ન જોઈએ અને આવા વિરોધાભાષ કે વિસંગતતાઓને ધ્યાને લેવાની રહેતી નથી તેવું નામદાર ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેંચે **Nathabhai Jaytabhai Dhakhda Versus State of Gujarat (2011 (0) AIJEL-HC 225010)** વાળા ચુકાદામાં ઠરાવેલ છે. વધુમાં ના. ગુજરાત હાઈકોર્ટના **RANJANBEN MAHESHBHAI VASAVA VS STATE OF GUJARAT(2019 (0) AIJEL-HC 240302)** ના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ ધ્યાને લેવો જરૂરી જણાય છે. ના. ગુજરાત હાઈકોર્ટે આ ચુકાદામાં ના. સુપ્રીમ કોર્ટના **નરેન્દ્રકુમાર વિરૂધ્ધ સ્ટેટ (૨૦૧૨ (૭) એસસીસી ૧૭૧)**ના ચુકાદા ને રીફર કરી એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, સાક્ષીના નિવેદનમાં જો કોઈ નાની અથવા છુલ્લક પ્રકારની અસંગગતાઓ કે વિસંગતતા કે વિરોધાભાષ આવતા હોય તો તેને વધારે મહત્વ ન આપવું જોઈએ. વધુમા હાલના તપાસ કરનાર અધિકારીને આરોપીઓ વિરૂધ્ધ કોઈ દુશ્મનવટ હોય કે કોઈ તકરાર હોય તેથી આરોપીઓને હાલના ગુનામાં ખોટી રીતે અટક કરેલા હોય, તે રીતે પણ આ સાહેદની વિશ્વસનીયતા ને પડકારવામાં આવેલ હોય તેવું જણાઈ આવતું નથી.

(૩૧) આમ, રેકર્ડ પરની તમામ હકીકતો તથા કાયદાકીય સ્થિતિ ધ્યાને લઈએ તો, ફરીયાદપક્ષે તે હકીકત રેકર્ડ પરના પુરાવાઓના આધારે સાબીત કરેલ છે કે, તા.૦૩/૦૨/૨૦૨૨ ના રોજ કલાક ૧૬–

૦૦ થી કલાક ૧૬–૩૦ વાગ્યા દરમ્યાન આ કામના ફરિયાદી અર્ચનાબેન તે નિપુણ રાકેશભાઈ રાજપુતની પત્ની નાઓ પોતાના દીકરા પંથ (ઉંમર ૦૪ વર્ષ) ને શ્યામ એન્કલેવમાં ટ્યુશનમાં મૂકવા ગયેલ અને મૂકીને પોતાની એક્ટીવા મોપેડ જેનો રજિ.નં.જીજે–૨૭ બી જી–૫૧૩૩ ની લઈ સાંજના આશરે ચાર થી સાડા ચાર વાગ્યા દરમ્યાન જહાંગીરપુરા કેનાલ રોડ, ગ્રીન ઓરીયન રેસીડેન્સીના ગેટ પાસે રોડ ઉપર આવતા અચાનક એક લાલ  કલરની મો.સા. ઉપર આવેલ અને ફરિયાદીની એક્ટીવા મોપેડની આગળ મો.સા. દબાવતા ફરિયાદીએ મોપેડ ધીમી પાડેલ તે વખતે એક ઈસમ મો.સા. ચલાવતો હતો અને પાછળ બેસેલ ઈસમે ફરિયાદીના ગળામાં પહેરેલ સોનાની ચેઈન આશરે ૭.૭૪૨ ગ્રામની જેની આશરે કિંમત રૂ.૨૪,૪૨૯/– ની મત્તાની આંચકી લઈ, એકબીજાની મદદગારી કરી, નાસી જઈ, આ કામના આરોપીઓએ પોતાના આર્થિક લાભ મેળવવા સારું એકબીજાની મદદગારી કરી, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબનો આક્ષેપિત ગુનો કરેલ, તેથી તહોમતમાં જણાવેલ ગુનાના આવશ્યક તત્વો આરોપીઓ વિરુદ્ધ પડેલ પુરાવાથી આકર્ષિત થતા હોય, આ તમામ હકીકતો અને સંજોગો લક્ષમાં લેતાં ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ હોય, ઉપરોકત ઉપસ્થીત મુદા નં. ૧નો નિર્ણય "**હકારાત્મક**" ઠરાવવામાં આવે છે અને મુદ્દા નંબર–૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ–

## હુ ક મ

૧. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૨) અન્વયે સેશન્સ કેસ નં. ૪૪૯/૨૦૨૨ (મુખ્ય) ના કામના **આરોપી નં.(૨) વિજયભાઈ ડાહ્યાભાઈ કાંગરીવાળા (રાણા)** તથા સેશન્સ કેસ નં.૫૬૮/૨૦૨૨ (પૂરવણી) ના કામના આરોપી–**અક્ષય સુરેશભાઈ શિંદે**ને **જહાંગીરપુરા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.રજી. નં. ૧૧૨૧૦૦૦૭૨૨૦૦૭૩/૨૦૨૨ના** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કેસના આરોપી–વિજયભાઈ ડાહ્યાભાઈ કાંગરીવાળા (રાણા)ને જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી–અક્ષય સુરેશભાઈ શિંદે અન્ય ગુનાના કામે હાલ જ્યુડીશીયલ કસ્ટડીમાં હોય, તેઓને ઉપરોકત ગુનાના કામે કસ્ટડીમાં લેવામાં આવેલ છે.

૩. આરોપીઓને તકસીરવાન ઠરાવતા પહેલાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨) મુજબ સજાના મુદ્દા પરત્વો સાંભળવા માટે મુલત્વી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખઃ **૧૧**મી માહે **ઓગષ્ટ,** સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી

જાહેર કર્યો.

તા. **૧૧/૦૮/૨૦૨૬** **(વિનોદ વી.પરમાર)**
સ્થળઃ સુરત. અધિક જિલ્લા ન્યાયાધીશ
સુરત.
(Unique I.D.Code No.GJ01514)

TMP

**સજા અંગે સાંભળ્યા.**

**(૩૨)** આરોપીઓ તથા તેમના વિ.વ.શ્રીને સાંભળ્યા. તેઓની મુખ્યત્વે રજૂઆત એવી છે કે, આરોપીઓ કુટુંબ–કબીલાવાળી વ્યક્તિ છે અને તેમના પરિવારના ગુજરાનનો આધાર તેમના ઉપર રહેલો છે અને જો તેઓને મહત્તમ સજા કરવામાં આવશે તો તેમનો પરિવાર ભૂખે મરે તેવા સંજોગોનું નિર્માણ થાય તેમ છે. તેથી આરોપીઓ પ્રત્યે રહેમ દ્રષ્ટિ રાખી, તેઓને તેઓ જેટલો સમય કસ્ટડીમાં રહેલા, તેટલી સજા મજરે આપી, તેઓને મુક્ત કરવા રજૂઆત કરેલ.

**(૩૩)** વિ.એ.પી.પી.શ્રીએ તેવી રજૂઆત કરેલી કે, આરોપીઓ સામે પુરવાર થયેલ ગુનો ખૂબ જ ગંભીર પ્રકારનો છે અને વર્તમાન સમયમાં આ પ્રકારના ગુનાઓનું પ્રમાણ ખૂબ જ વધી ગયેલ છે અને આરોપીઓને તેઓ વિરુદ્ધના અલગ–અલગ ગુનામાં નામદાર કોર્ટે સજા કરેલ છે, તે સંજોગોમાં કાયદામાં નિયત કરેલ મહત્તમ સજા તથા દંડ કરવા રજૂઆત કરેલ.

**(૩૪)** આ કામે બંને પક્ષકારો તરફેના વિ.વ.શ્રીઓ તથા આરોપીઓને સજાના મુદ્દા અંગે સાંભળ્યા. હવે આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ ના ગુના માટે સજા કરેલ છે અને આ ગુનો તેઓ વિરુદ્ધ પુરવાર થયેલ હોય તેઓને સજા કરતાં પહેલાં આરોપીઓના સંજોગો, તેમની સ્થિતિ તથા સજા કરવાથી ભવિષ્યમાં તેને થનાર અસરો વિગેરે બાબતો ધ્યાનમાં લેવાની રહે છે.

આ કેસની હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં આરોપીઓને અલગ–અલગ ગુનાઓ સબબ આ અદાલતે આજરોજ સેશન્સ કેસ નં. ૪ ૪૯/૨૦૨૨, ૫૬૮/૨૦૨૨, ૨૪૪/૨૦૨૨, ૩૪૧/૨૦૨૨, ૩૫૩/૨૦૨૨ અન્વયે તકસીરવાન ઠરાવી સજાનો હુકમ કરેલ છે. તેઓ વિરુદ્ધના અલગ–અલગ ગુનાઓ જે નોંધાયેલા તે ગુનાઓ લગભગ સમાન પ્રકારના ગુનાઓ છે. વર્તમાન સમયમાં આ પ્રકારના ગુનાઓનું પ્રમાણ ખૂબ જ વધી ગયેલ છે. આ સંજોગોમાં આરોપીઓને મીનીમમ સજા કરવી ઉચિત જણાતી નથી. આ સંજોગોમાં જો દરેક આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ ના ગુનાઓ માટે ૫ (પાંચ) વર્ષની સખત કેદની સજા તથા રૂા.૧,૦૦૦/– દંડ ફટકારવામાં આવે તો તે ઉચિત અને ન્યાયોચિત જણાય છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુ ક મ</u>

૧. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૨) અન્વયે સેશન્સ કેસ નં. **૪૪૯/૨૦૨૨** (મુખ્ય) ના કામના **આરોપી નં.(૨) વિજયભાઈ ડાહ્યાભાઈ કાંગરીવાળા (રાણા)** ને **જહાંગીરપુરા પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજિ. નં.૧૧૨૧૦૦૦૭૨૨૦૦૭૩/૨૦૨૨** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનો કરવા બદલ કસૂરવાન ઠરાવી, આરોપીને **૫(પાંચ) વર્ષ**ની સખત કેદની સજા તથા **રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)** નો **દંડ** અને જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ **૬(છ)**

**માસની સાદી કેદ**ની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૨) અન્વયે સેશન્સ કેસ નંબર–૫૬૮/૨૦૨૨ (પૂરવણી). ના કામના આરોપી–**અક્ષય સુરેશભાઈ શિંદે**ને **જહાંગીરપુરા પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજિ. નં.૧૧૨૧૦૦૦૭૨૨૦૦૭૩/૨૦૨૨** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(એ)(૩), ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનો કરવા બદલ કસૂરવાન ઠરાવી, આરોપીને **૫(પાંચ) વર્ષ**ની સખત કેદની સજા તથા **રૂા.૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)** નો **દંડ** અને જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ **૬(છ) માસની સાદી કેદ**ની સજાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીઓને આજરોજ સેશન્સ કેસ નં. ૪૪૯/૨૦૨૨, ૫૬૮/૨૦૨૨, ૨૪૪/૨૦૨૨, ૩૪૧/૨૦૨૨, ૩૫૩/૨૦૨૨ અન્વયે તકસીરવાન ઠરાવી સજાનો હુકમ કરેલ છે. આ હુકમ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૭ હેઠળ પસાર કરેલ છે. તે સંજોગોમાં સેશન્સ કેસ નં. ૪૪૯/૨૦૨૨, ૫૬૮/૨૦૨૨, ૨૪૪/૨૦૨૨, ૩૪૧ /૨૦૨૨, ૩૫૩/૨૦૨૨ અન્વયે જે સજાના હુકમો કરેલ છે, તે તમામ સજાઓ એકસાથે ભોગવવાની રહેશે.

૪. સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ ફરિયાદીએ કોર્ટમાંથી

પરત મેળવેલ હોય, જેથી તે સંબંધે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

૫. આ ચૂકાદાની મૂળ પ્રત સેશન્સ કેસ નં.૪૪૯/૨૦૨૨ (મુખ્ય) ના કામમાં રાખવાની રહેશે તથા આ ચૂકાદાની બીજી પ્રત સેશન્સ કેસ નં. ૫૬૮/૨૦૨૨ (પૂરવણી) ના કામમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૬. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ અન્વયે આરોપી કાચા કામના કેદી તરીકે જેટલો સમય જેલમાં રહ્યા હોય તેટલા દિવસો તેઓને સજામાં મજરે આપવા.

૭. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૩ અન્વયે આ ચૂકાદાની ખરી નકલ આરોપીઓને તાત્કાલિક વિનામૂલ્યે પૂરી પાડવી.

૮. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૫ અન્વયે આ ચૂકાદાની એક ખરી નકલ ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટશ્રી, સુરતને જાણ માટે મોકલી આપવી.

૯. નામદાર ગુજરાત હાઈકોર્ટના પરિપત્ર નં.૨૬૨૩/૨૦૨૫, તા.૦૨/૦૯/૨૦૨૫ મુજબ આ કામે ફરમાવવામાં આવેલ તહોમતનામું તથા આખરી હુકમની ખરી નકલ જેલરશ્રી, મધ્યસ્થ

જિલ્લા જેલ, સુરતને આ પરિપત્રમાં જણાવેલ સૂચનાના અમલ સારું મોકલી મોકલી આપવી.

૧૦. આરોપીને કરવામાં આવેલ સજા અંગે જરૂરી સજા વોરંટ ભરી મધ્યસ્થ જિલ્લા જેલ, લાજપોર, સુરત સમક્ષ મોકલી આપવું.

૧૧. આરોપી વિરુદ્ધના આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી પૂર્ણ થયેલ હોય ક્રિમિનલ મેન્યુઅલના પેરા–૩૪૯(૧) મુજબ રેકર્ડ રૂમમાં કાગળો મોકલતાં પહેલાં એકઝીબીટ નંબર આપવામાં આવેલ હોય તે સિવાયના તમામ પોલીસના કાગળો, અપીલ તથા રિવિઝનનો નિકાલ થઈ ગયા બાદ સંબંધિત પોલીસ સ્ટેશનને પરત કરવા.

આ હુકમ આજરોજ તારીખ **૧૧**મી માહે ઓગષ્ટ ૨૦૨૬ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૧/૦૮/૨૦૨૬.
સ્થળઃ સુરત.

**(વિનોદ વી.પરમાર)**
અધિક જિલ્લા ન્યાયાધીશ
સુરત.
(Unique I.D.Code No.GJ01514)

TMP

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

**<u>પરિશિષ્ટ</u>**

**<u>ફરિયાદ પક્ષે તપાસેલા સાહેદોનું લીસ્ટ</u>**

| **સાહેદ નંબર** | **સાહેદનું નામ** | **વિગત** |
|---|---|---|
| ૧ | હિરેન કરશનભાઈ બરોડીયા | ગુનાવાળી જગ્યાનું પંચનામું (આંક–૧૨) ના પંચ સાહેદ |
| ૨ | અર્ચનાબેન નિપુણભાઈ રાજપુત | ફરિયાદી |
| ૩ | વસીમ આદમ શેખ | મુદ્દામાલ રીકવરીનું પંચનામું (આંક–૨૯) ના પંચ સાહેદ |
| ૪ | સફીક લતીફ શેખ | ગુનાના કામે મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું (આંક–૩૩) ના પંચ સાહેદ **(વિમુખ)** |

| | | |
|---|---|---|
| ૫ | દર્શનકુમાર રમેશચંદ્ર દલવાડી | સાહેદ |
| ૬ | PI કીરીટકુમાર અશોકભાઈ સાવલીયા | બાતમી આધારે આરોપીઓની અટક કરનાર પોલીસ સાહેદ |
| ૭ | ASI ધીરજભાઈ જેરામભાઈ પટેલ | ફરિયાદીની ફરિયાદ લેનાર/સ્ટેશન ડાયરીમાં નોંધ કરનાર પોલીસ સાહેદ |
| ૮ | અ.હે.કો. અસગરઅલી અનવરઅલી મન્સુરી | બાતમી આધારે આરોપીઓની અટક કરનાર પોલીસ સાહેદ |
| ૯ | મોહંમદ ઝુબેર મોહંમદ હનીફ ચોકસી | સોના–ચાંદીના દાગીનાનું વેચાણ કરવાનું તથા રીપેરીંગ કરવાનું કામ કરનાર સાહેદ **(વિમુખ)** |
| ૧૦ | PSI નરેશભાઈ બાલુભાઈ ચૌહાણ | આરોપી–અક્ષય સુરેશ શિંદેને |

| | | |
|---|---|---|
| | | બાતમી આધારે પકડનાર પોલીસ સાહેદ |
| ૧૧ | PSI પ્રવિણસિંહ નારસિંહ પઢીયાર | આરોપી–અક્ષય સુરેશ શિંદેને બાતમી આધારે પકડનાર પોલીસ સાહેદ |
| ૧૨ | અ.હે.કો. યશપાલસિંહ મુળુભા રાઠોડ | ત.ક.અમલદાર |
| ૧૩ | PSI રશ્મીતાબા વિજયસિંહ ચુડાસમા | ત.ક.અમલદાર/ ચાર્જશીટ કરનાર પોલીસ સાહેદ |

તા.૧૧/૦૮/૨૦૨૬.
સ્થળઃ સુરત.

**(વિનોદ વી.પરમાર)**
અધિક જિલ્લા ન્યાયાધીશ
સુરત.
(Unique I.D.Code No.GJ01514)

**નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...**

**<u>પરિશિષ્ટ</u>**

**<u>ફરિયાદ પક્ષે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ</u>**

| **આંક** | **દસ્તાવેજી પુરાવાનું વર્ણન** | **ક્યા સાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે?** **સાહેદ નંબર** |
|---|---|---|
| ૧૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૧ |
| ૧૫ | ગુનાની ફરિયાદ. | ૨ |
| ૧૬ | ફરિયાદીની સોનાની ચેઈન ખરીદીના બિલની ઝેરોક્ષ નકલ. | ૨ |
| ૨૯ | મુદ્દામાલ રીકવરીનું પંચનામું. | ૩ |
| ૩૩ | ગુનાના કામે મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું. | ૪ |
| ૪૦ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા બાબતેનો રિપોર્ટ. | ૬ |
| ૪૨ | સ્ટેશન ડાયરીના ઉતારાની ઝેરોક્ષ પ્રમાણિત ખરી નકલ. | ૭ |
| ૪૯ | દાગીનાની ખરાઈ બાબતે આપેલ પ્રમાણપત્ર. | ૯ |

| | | |
|---|---|---|
| ૬૦ | આરોપીનું અટક પંચનામું. | ૧૩ |
| ૬૧ | ટેલિફોન વર્ધીનો ઉતારો. | ૧૩ |

તા.૧૧/૦૮/૨૦૨૬.
સ્થળઃ સુરત.

**(વિનોદ વી.પરમાર)**
અધિક જિલ્લા ન્યાયાધીશ
સુરત.
(Unique I.D.Code No.GJ01514)

નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ક્રિમિનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૫ મનોજભાઈ જેઠાભાઈ પરમાર (રોહિત) વિ. ગુજરાત રાજ્યના તારીખઃ ૧૫.૧૨.૨૦૨૫ ના રોજના ચૂકાદામાં આપવામાં આવેલ નિર્દેશ અનુસાર ...

## <u>પરિશિષ્ટ</u>

## <u>ફરિયાદ પક્ષે રજૂ કરેલા મટીરીયલ ઓબ્જેક્ટસ/મુદ્દામાલનું લીસ્ટ</u>

| **મુદ્દામાલ આર્ટિકલ નંબર** | **મુદ્દામાલની વિગત** | **ક્યા સાહેદ દ્વારા પુરવાર કરવામાં આવેલ છે? તે <u>સાહેદ નંબર</u>** |
|---|---|---|
| ૧ | એક સોનાની ચેઈન વજન ૭.૫૨૦ ગ્રામ જે ૨૨ કેરેટની છે તે. | -- |

તા.૧૧/૦૮/૨૦૨૬.
સ્થળઃ સુરત.

**(વિનોદ વી.પરમાર)**
અધિક જિલ્લા ન્યાયાધીશ
સુરત.
(Unique I.D.Code No.GJ01514)